પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૫ • અંક : ૨૩૫ • કુલ પાના : ૪ • તારીખ : ૩૦-૦૫-૨૦૨૨ સોમવાર • કિંમત રૂા.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 9712880678 panchmahalsamachar@gmail.com panchmahalsamachar panchmahalsamachar www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગ્રુપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

### સમાન નાગરિક ધારો લાવવાની તૈયારીમાં મોદી સરકાર !

## રાજ્યોમાં બનેલા નાગરિક સંહિતાના કાયદા પાછળથી કેન્દ્રીય કાયદાઓમાં સામેલ કરાશે

નવીદિલ્હી,

કેન્દ્ર સરકારે દેશના નાગરિકો માટે સમાન નાગરિક સંહિતા કાયદો લાવવાની તૈયારીઓ શરૂ કરી દીધી છે. આ કાયદાનું કેન્દ્રીય બિલ આગામી સમયમાં ગમે ત્યારે સંસદ માં રજૂ કરવામાં આવી શકે છે. પરીક્ષણ તરીકે, આ કાયદો બનાવવાની કવાયત ઉત્તરાખંડમાં શરૂ કરવામાં આવી છે, જેમાં એક સમિતિની રચના કરવામાં આવી છે. આ સમિતિ માટે ડ્રાફ્ટ માર્ગદર્શિકા કેન્દ્રીય કાયદા મંત્રાલય દ્વારા જ આપવામાં આવી છે. આનાથી સ્પષ્ટ થાય છે કે કાયદાનો ડ્રાફ્ટ કેન્દ્ર સરકાર પાસે છે.

સરકારના ઉચ્ચ સૂત્રોના જણાવ્યા અનુસાર, રાજ્યોમાં બનેલા નાગરિક સંહિતાના કાયદા પાછળથી કેન્દ્રીય કાયદાઓમાં સામેલ કરવામાં આવશે. કારણ કે સમાનતા લાવવા માટે કાયદો કેન્દ્રિય હોવો જોઈએ. રાજ્યોમાં આ કાયદો અજમાયશના ધોરણે બનાવવામાં આવી રહ્યો છે. આ પહેલીવાર છે જ્યારે સરકારે આ કાયદો લાવવા અંગે આટલું સ્પષ્ટ કહ્યું છે. સૂત્રોએ જણાવ્યું કે આ કાયદો ચોક્કસ આવશે પરંતુ ક્યારે આવશે, તે પ્રશ્ન છે.

સરકાર યુનિફોર્મ સિવિલ કોડ પર નેશનલ લો કમિશન પાસેથી રિપોર્ટ લેવાનો ઈરાદો ધરાવે છે, પરંતુ ૨૦૨૦ માં બિન-કાર્યકારી કાયદા પંચની પુનઃરચનાને કારણે, રાજ્ય સ્તરે સમિતિઓની રચના કરવામાં આવી રહી છે. કમિટિનું ફોર્મેટ લો કમિશન જેવું જ છે. જેમાં સુપ્રીમ કોર્ટના ભૂતપૂર્વ ન્યાયાધીશ જસ્ટિસ રંજના દેસાઈ, દિલ્હી હાઈકોર્ટના ભૂતપૂર્વ ન્યાયાધીશ પ્રમોદ કોહલી, ભૂતપૂર્વ આઈએએસ શત્રુઘ્ન સિંહ અને દૂન યુનિવર્સિટીના વીસી સુરેખા ડાંગવાલનો સમાવેશ થાય છે.

સૂત્રોએ જણાવ્યું કે આ કમિટી અન્ય રાજ્યો મધ્યપ્રદેશ, હિમાચલ પ્રદેશ, ઉત્તર પ્રદેશમાં પણ બની શકે છે. આ રાજ્યો પહેલાથી જ સમાન નાગરિક સંહિતા માટે સંમત થયા છે. કેન્દ્ર સરકાર દ્વારા સમિતિના સંદર્ભના મુદ્દા આપવામાં આવ્યા છે. જ્યારે તેમને પૂછવામાં આવ્યું કે આદિવાસીઓ પર તેને કેવી રીતે લાગુ કરવું, કારણ કે તેમના કાયદા તેમના રિવાજો અનુસાર છે. દેશમાં ૧૦થી ૧૨ કરોડ આદિવાસીઓ રહે છે, જેમાંથી લગભગ ૧૨ ટકા ઉત્તરપૂર્વમાં રહે છે. કાયદો આવતાની સાથે, સંયુક્ત ભારતીય પરિવારને આપવામાં આવતી આવકવેરામાં છૂટ સમાપ્ત થઈ જશે. સૂત્રોએ કહ્યું કે જો આપણે એક દેશ તરીકે આગળ વધવું હોય તો થોડું એડજસ્ટ કરવું પડશે.

## ગુજરાતના અનેક વિસ્તારોમાં વાદળછાયું વાતાવરણ, આગામી સપ્તાહમાં ફરીથી ગરમી વધશે

અમદાવાદ,

ગુજરાતીઓને બસ થોડા દિવસની રાહ જોવી પડશે જે બાદ કાળઝાળ ગરમીમાંથી રાહત મળી જશે. હવામાન વિભાગે આ અંગે કહ્યું છે કે, નૈઋત્યનું ચોમાસું કેરળથી માત્ર ૨થી ૩ દિવસ જ દૂર છે. જે બાદ ચોમાસાનું આગમન થશે અને ગુજરાત તરફ આગમન થશે. આ સાથે હવામાન વિભાગના જણાવ્યા પ્રમાણે, રાજ્યમાં ગરમીમાં ઘટાડો નોંધાયો છે. ૧૦ શહેરોમાં તાપમાન ૩૫ ડિગ્રીથી નીચે જતુ રહ્યું છે. માત્ર ચાર શહેરોમાં જ ગરમીનો પારો ૪૦ ડીગ્રીને પાર થયો છે. જ્યારે અમદાવાદમાં આજ સવારથી જ વાદળછાયું વાતાવરણ છવાયું રહ્યું છે.

હવામાન વિભાગની આગાહી પ્રમાણે, દક્ષિણ-પશ્ચિમી ગરમ પવનની અસરથી આગામી અઠવાડિયામાં અમદાવાદ સહિત રાજ્યના મોટા ભાગના વિસ્તારોમાં ગરમીનો પારો વધવાની શક્યતા રહેલી છે. અનેક શહેરોમાં ૧થી ૨ ડિગ્રી પારો વધી શકે છે. ખાસ કરીને અમદાવાદમાં ગરમીનો પારો ૪૩ ડિગ્રીની આસપાસ રહેવાની શક્યતા હોવાની શક્યતા રહેલી છે. ત્યારે હવામાન વિભાગના આંકડા મુજબ, શનિવારે અમદાવાદનું મહત્તમ તાપમાન ૪૧.૯ ડિગ્રી અને લઘુતમ તાપમાન ૨૮.૫ ડિગ્રી નોંધાયું હતું. ગઈકાલે અમદાવાદ સહિત રાજ્યના ગાંધીનગર, ભાવનગર અને સુરેન્દ્રનગરમાં ગરમીનો પારો ૪૦ ડિગ્રીથી વધુ નોંધાયો હતો. જ્યારે અન્ય શહેરોનું તાપમાન ૩૯ ડિગ્રીથી નીચે નોંધાયું હતું.

પ્રિ-મોન્સુન ગતિવિધિઓને કારણે અમરેલીના પીપાવાવ જાફરાબાદનો દરિયો તોફાની બન્યો હતો. દરિયામાં ભારે પવન ફૂંકાતા દરિયા કિનારે ૨ મીટર ઉંચા મોજા ઉછળ્યા હતા. તો તોફાની દરિયાને કારણે નાની બોટોને હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. શિયાળ બેટ જતા લોકો જોખમી મુસાફરી કરવા મજબૂર બન્યા છે. તો બીજી તરફ દક્ષિણ ગુજરાતમાં પણ વાતાવરણ પલટાયું છે. વાદળછાયા વાતાવરણ વચ્ચે ભારે પવન ફૂંકાયો છે. જો કે ૧૫ કિમીની ઝડપે પવન ફૂંકાતા ગરમીથી રાહત મળી હતી. સુરત સહિત દક્ષિણ ગુજરાતમાં વાતાવરણ પલટાયુ હતું. વાદળછાયા વાતાવરણ વચ્ચે પુરજોશ પવન ફુંકાયો હતો. ૧૫ કીમીની ઝડપે પવન ફુંકાતા ગરમીથી રાહત મળી રહી છે.

## લાલુ પ્રસાદ બિહારની રાજનીતિમાં ફરી સક્રિય, પાર્ટીના ધારાસભ્યોની બેઠક બોલાવી

પટણા,

બિહારની રાજનીતિ લાલુ પ્રસાદ યાદવ વિના અધુરી રહી છે લાલુનના ન રહેવા અને તેમના સક્રિય ન હોવાથી બિહારની રાજનીતિ અનેકવાર નીરસ લાગી રહી હતી બિહારના રાજનીતિના જાણકારોનું એવું માનવું છે કે હવે લાલુ પ્રસાદે બિહારની ધરતી પર પગ મુકયા છે અને તેઓ સક્રિય થયા છે તેમણે પાર્ટીની બેઠક બોલાવી છે



લાલુ પ્રસાદે ૩૧મેના રોજ વિધાનસભા પક્ષની બેઠક બોલાવી છે આ બેઠક પૂર્વ મુખ્યમંત્રી રાબડીદેવીના નિવાસ પર યોજાશે આ બેઠકની અધ્યક્ષતા લાલુ પ્રસાદ કરશે

બેઠકની ખાસ વાત એ છે કે તેમાં તેજસ્વી અને તેજપ્રતાપ એક સાથે સામેલ થશે આ બેઠકમાં પાર્ટીના તમામ ધારાસભ્યોને હાજર રહેવાનો આદેશ આપ્યો છે. એ યાદ રહે કે બિહારમાં હાલના દિવસોમાં રાજનીતિ ગરમ છે.સત્તા પક્ષની વાત કરીએ કે વિરોધ પક્ષની બંન્ને જુથોમાં હલચલ તેજ છે આ બધાની વચ્ચે રાજદના ધારાસભ્યોની બેઠક મહત્વપૂર્ણ બની રહેશે બેઠકમાં તમામ ધારાસભ્યો હાજર રહેશે અને લાલુથી વિશેષ મંત્ર ગ્રહણ કરશે આ બેઠકમાં વિરોધ પક્ષના નેતા તેજસ્વી યાદવ,તેજ પ્રતાપ સિંહ લલિત યાદવ ભાઈ વીરેન્દ્ર ડો મુકેશ રોશન વિજય સમ્રાટ સહિત તમામ ધારાસભ્યોને ખાસ રીતે હાજર રહેવા માટે જણાવાયું છે.

પાર્ટી તરફથી મળતી માહિતી અનુસાર આ બેઠક ખુબ મહત્વપૂર્ણ છે.રાજદ તરફથી કહેવામાં આવ્યું છે કે આ બેઠક મેના અંતિમ દિવસોમાં બોલાવવામાં આવી છે.આ બેઠકમાં અનેક મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવશે અને આ સાથે જ શહાબુદ્દીનના સમર્થકોની નારાજગી પર પણ વાતચીત થશે આ ઉપરાંત ૧૦ જુને યોજાનાર રાજયસભા ચુંટણીને લઈને પણ ચર્ચા કરવામાં આવશે.એ યાદ રહે કે એક જુને મુખ્યમંત્રી નીતીશકુમારે જાતીય વસ્તી ગણતરી પર બેઠક બોલાવી છે તેના હિસાબથી લાલુની બેઠક મહત્વપૂર્ણ બની જશે બિહારમાં હાલના દિવસોમાં રાજયસભા ચુંટણી અને જદયુની અદર આરસીપી સિંહને લઈ વાતાવરણ પુરી રીતે ગરમાયેલું છે આવામાં આ બેઠકનું રાજકીય મહત્વ વધી ગયું છે. લાલુ તમામ વસ્તુઓ પર નજર રાખી રહ્યાં છે.આ બેઠકમાં સત્તા પરિવર્તન,રાજયસભા ચુંટણી, વિધાન પરિષદ ચુંટણી રાષ્ટ્રપતિ ચુંટણી સહિતના અનેક મુદ્દા પર ચર્ચા થશે કારણ કે તાજેતરમાં નીતીશકુમાર અને લાલુ પ્રસાદ પરિવારની વચ્ચે પણ ઈફતાર પર થયેલ મુલાકાતને લઈ અનેક પ્રકારની અટકળો લગાવવામાં આવી રહી હતી આ મુદ્દા પર પણ ચર્ચા થવાની સંભાવના છે.

## ગુજરાતની વિધાનસભા ચૂંટણી પુરી ન થાય ત્યાં સુધી આશિષ ભાટિયા ગુજરાત પોલીસ વડા તરીકે કાર્યરત રહેશે

ગાંધીનગર,

ગુજરાતના ડીજીપી આઈપીએસ આશિષ ભાટિયાને ૮ મહિનાનું રેકોર્ડ બ્રેક એક્સ્ટેંશન આપવામાં આવ્યું છે. ૩૧ મે આશિષ ભાટિયાનો કાર્યકાળ પૂરો થવા જઈ રહ્યો છે ત્યારે સરકારે ૩૧ જાન્યુઆરી ૨૦૨૩ સુધી ૮ મહિનાનું એક્સ્ટેંશન આપ્યું છે. ગુજરાતની વિધાનસભા ચૂંટણી પુરી ન થાય ત્યાં સુધી આશિષ ભાટિયા ગુજરાત પોલીસ વડા તરીકે કાર્યરત રહેશે.

કેન્દ્રીય કેબિનેટની અપોઈમેન્ટ કમિટીએ આશિષ ભાટિયાને એક્સ્ટેંશન આપવાની મંજૂરી આપી છે. આશિષ ભાટિયાની ૩૧મી જુલાઈ ૨૦૨૦ના રોજ રાજ્ય પોલીસ વડા તરીકે નિમણૂંક કરવામાં આવી હતી. આશિષ ભાટિયા ૧૯૮૫ બેંચના આઈપીએસ અધિકારી છે. ઉલ્લખેનીય છે કે આશિષ ભાટિયા બાદ અમદાવાદના પોલીસ કમિશનર સંજય શ્રીવાસ્તવ ૧૯૮૭ બેચના ભારતીય પોલીસ સેવાના અધિકારી ડીજીપી બને તેવી પુરી શકયતા હતી, શ્રીવાસ્તવ સ્વભાવે મૃદુ અને તમામ સ્શિતિમાં અનુકુળ આવે તેવા અધિકારી છે, પરંતુ તેઓ ડીજીપી બને નહીં માટે છેલ્લાં લાંબા સમયથી ચોક્કસ લોબી તેમના વિરોધમાં પ્રચાર કરી હતી, ભારતીય પોલીસ સેવામાં જોડાયેલા કોઈ પણ અધિકારીનું એક સ્વપ્ન તો ચોક્કસ હોય છે કે તે પોલીસના સર્વોચ્ચ પદ ડીજીપી સુધી પહોંચે, પરંતુ હવે આશીષ ભાટીયાને એકશટેન્શન મળતા આઠ મહિના સુધી સંજય શ્રીવાસ્તવને ડીજીપી બનવા ઉપર બ્રેક વાગી છે.ઉપરાંત ગુજરાતમાં ૨૦૨૨ની વિધાનસભાની ચુંટણી થશે તેમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ સંભાળવાની જવાબદારી આશિષ ભાટિયાની રહે તેવો અંદાજ કરવામાં આવી રહ્યો છે.

## નર્મદા નદી પર બની રહ્યો છે દેશનો સૌથી લાંબો રેલવે બ્રિજ

અમદાવાદ,

ભારતીય રેલવેએ ગુડ્સ ટ્રેનોની વધતી ડિમાન્ડને જોતા ગુડ્સ ટ્રેન માટે અલગથી લાઈન નાખવાનો નિર્ણય કર્યો છે. આ લાઈન મુંબઈથી ઉત્તર સાથે જોડાશે. આ વચ્ચે ગુજરાતના ભરૂચમાં આવેલા નર્મદા નદી ઉપર દેશનો સૌથી લાંબો બ્રિજ બનાવવામાં આવી રહ્યું છે અને તેનું કામ અંતિમ ચરણોમાં છે. આ બ્રિજની લંબાઈ ૧૩૯૬.૩૫ મીટર છે. રેલવે મંત્રાલય દ્વારા મુંબઈ જેએનપીટીથી લઈને ઉત્તર પ્રદેશના દાદરી સુધી ગુડ્સ ટ્રેન માટે અલગથી લાઈન નાખવામાં આવી રહી છે, જેને વેસ્ટર્ન ડેડીકેટેડ ફ્રેઈટ કોરિડોર નામ આપવામાં આવ્યું છે. જે ૧૫૦૪ કિમીનો હશે. ગુજરાતમાં હાલમાં પાલનપુર સુધી લાઈન શરૂ થઈ ગઈ છે અને થોડા મહિનાઓમાં વડોદરા સુધીની લાઈન ચાલુ થઈ જશે. આ કોરિડોર માટે ભરૂચમાં નર્મદા નદી પર રેલવે બ્રિજ બનાવવામાં આવશે. માનવામાં આવી રહ્યું છે કે આ દેશનો સૌથી લાંબો બ્રિજ હશે, જેની પર ડબલ ડેકર ગુડ્સ ટ્રેનો જ ચાલશે.

નર્માદા નદી પર બની રહેલો આ બ્રિજ ૧૩૯૬.૩૫ મીટર એટલે કે આશરે દોઢ કિમીનો છે. આ બ્રિજમાં કુલ ૨૯ સ્પાન છે અને દુનિયાનો સૌથી લાંબો બ્રિજ છે. એલએન્ડટી કંપની દ્વારા આ બ્રિજ બનાવવામાં આવી રહ્યો છે. તેના પરથી ૧૫૦૦૦ ટનની ક્ષમતાની એક સાથે બે ટ્રેનો દોડશે, જેની સ્પીડ આશકે ૧૦૦ થી ૧૨૦ કિમીની રહેશે. રેલવેનું વેસ્ટર્ન ડેડિકોટેડ ફ્રેઈટ કોરિડોરના અધિરી જીતેન્દ્ર અગ્રવાલે કહ્યું છે કે આ ટ્રેક એક વર્ષની અંદર પૂરો થઈ જશે અને જલદીથી તેને શરૂ કરવાના પ્રયાસો થઈ રહ્યા છે. આ વર્ષઅના અંત સુધીમાં વડોદરા સુધી ગુડ્સ ટ્રેન શરૂ કરી દેવાશે. આ ટ્રેક બનવાથી પેસેન્જર ટ્રેનનો ટ્રેક અલગ હશે અને ગુડ્સ ટ્રેનના આવવાથી સરળ થઈ જશે.

## યાત્રીકોની ભીડથી ઘોડા ખચ્ચરોની શામત, ૧૬ દિવસમાં ૬૦ના મોત

રૂદ્રપ્રયાગ,

કેદારનાથ યાત્રામાં મહત્વપૂર્ણ ભૂમિકા નિભાવનારા ઘોડા ખચ્ચરોની કોઈ ચિંતા કરતું નથી અને ન તો તેમના માટે કોઈ યોગ્ય વ્યવસ્થા કરવામાં આવી નથી અને ન તો તેમના મૃત્યુ થયા બાદ વિધિવત અંતિમ સંસ્કાર કરવામાં આવી રહ્યાં છે.કેદારનાથ પગપાળા માર્ગ પર ઘોડા ખચ્ચરોના મૃત્યુ બાદ માલિક અને હોકર તેમને ત્યાં જ ફેંકી દે છે.જે સીધા મંદાકીની નદી પડીને નદીને પ્રદુષિત કરી રહ્યાં છે. જેને કારણે કેદારનાથમાં મહામારી ફેલાવી શકે છે એ યાદ રહે કે અત્યાર સુધી એક લાખ ૨૫ હજાર તીર્થયાત્રી ઘોડા ખચ્ચરોથી પોતાની યાત્રા કરી ચુકયા છે.

જમીનથી ૧૧૭૫૦ ફુટની ઉચાઈ પર આવેલ કેદારનાથ સુધી પહોંચવા માટે બાબા કેદારના ભકતોને ૧૮થી ૨૦ કિમીનું અંતર નક્કી કરવાની હોય છે આ અંતરને યાત્રીને ધામ પહોંચાડવામાં ઘોડા ખચ્ચર મહત્વપૂર્ણ ભૂમિકા નિભાવે છે પરંતુ આ જાનવરો માટે ભરપેટ ચણા,ભુસા અને ગરમ પાણી પણ મળી રહ્યું નથી તમામ દાવાઓ છતાં પગપાળા માર્ગ પર એક પણ સ્થળે ઘોડા ખચ્ચર માટે ગરમ પાણી નથી

બીજી તરફ સંચલક અને હોકર રૂપિયાની કમાણી માટે ઘોડા ખચ્ચરોથી એક દિવસમાં ગૌરીકુંડથી કેદારનાથના ૨થી ૩ ચકકર લગાવી રહ્યાં છે અને રસ્તામાં તેમને જરા પણ આરામ મળી રહ્યો નથી જેને કારણે તે થાકી જાય છે અને તેમના દર્દનાક મોતનો શિકાર થઈ રહ્યાં છે. આંકડા બતાવે છે કે ફકત ૧૬ દિવસોમાં ૫૫ ઘોડા ખચ્ચરોના પેટમાં તેજ દર્દ ઉઠવાથી મોત થયા છે જયારે ચાર ઘોડા ખચ્ચરોના પડી જવાથી એકનું પથ્થરની ચપેટમાં આવવાથી મોત થયા છે આમ છતાં ઘોડા ખચ્ચરો માટે કોઈ વ્યવસ્થા કરવામાં આવી નથી.

## મોંઘવારી સામે લડવા ઓઈલ કંપનીઓ પાસે વધુ ટેક્સ વસૂલવા સરકારની તૈયારી

નવીદિલ્હી,

રશિયા-યુક્રેન યુદ્ધને કારણે વિશ્વભરની ઓઈલ કંપનીઓને મસમોટી આવક થઈ રહી છે. ક્રૂડના ભાવ ઉંચકાતા અને કુદરતી ગેસના ભાવ અંદાજે બમણા થતા બ્રિટને જ ગઈકાલે ઓઈલ એન્ડ ગેસ કંપનીઓ પર ૨૫% ટેક્સ લાદવાની જાહેરાત કર્યા બાદ હવે આ જ તર્જ પર ભારતની ઓઈલ અને ગેસ કંપની કોમોડિટી કંપનીઓ અને ક્રૂડની પરોક્ષ અસર ધરાવતા સેક્ટર પર ટેક્સ વસૂલવાની તૈયારી મોદી સરકાર કરી રહી છે.

એક અહેવાલ અનુસાર ભારત સરકારે પણ બ્રિટનની માફક સ્થાનિક ઓઈલ એન્ડ ગેસ કંપનીઓને અણધાર્યા અને નોન-બિઝનેસ પરિબળોને કારણે થનારા વધારાના નફાને ધ્યાનમાં રાખીને વધુ ટેક્સ વસૂલવાની ઈચ્છા જાગી છે. આ અંગે નાણામંત્રાલયમાં ચર્ચાઓ શરૂ થઈ કે ભારતમાં આ પ્રકારનો વિન્ડફોલ ટેક્સ કઈ રીતે લાદવામાં આવે અને તેની પરિભાષા શું હશે ?

રિપોર્ટ અનુસાર વૈશ્વિક ક્રૂડ અને કોમોડિટીના ભાવ અમુક સ્તરથી ઉપર જતા ભારતમાં ઓઈલ એન્ડ ગેસ કંપનીઓ પર આ પ્રકારનો વિન્ડફોલ ટેક્સ લાદવાની તૈયારીઓ શરૂ કરવામાં આવી છે. ગુરૂવારે રાત્રે બ્રિટનના નાણામંત્રી રિશિ સુનાકે મોંઘવારી સામે લડવા માટે રાહત પેકેજ જાહેર કરવાની સાથે ઓઈલ અને ગેસ કંપનીઓ પર ૨૫% વન ટાઈમ વિન્ડફોલ ટેક્સ લાદ્યો છે.

ભારતમાં પણ વિન્ડ ફોલ ટેકસની સરકાર સંભાવનાઓ તપાસતી હોવાના અહેવાલ બાદ દેશની ઓઈલ એન્ડ ગેસ કંપનીઓ અને કોલસા કંપનીના શેરમાં પણ મસમોટું દબાણ જોવા મળી રહ્યું છે.

## દેશમાં છેલ્લા ૨૪ કલાકમાં ૨૮૨૮ નવા કેસ નોંધાયા

નવીદિલ્હી,

ભારતમાં છેલ્લા થોડા દિવસોથી કોરોના કેસમાં વધારો થઈ રહ્યો છે. દેશમાં છેલ્લા ૨૪ કલાકમાં ૨૮૨૮ નવા કેસ નોંધાયા છે અને ૧૪ સંક્રમિતોના મોત થયા છે. શનિવારે ૨૬૮૫ નવા કેસ નોંધાયા હતા અને ૩૩ સંક્રમિતોના મોત થયા હતા. કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલયના જણાવ્યા મુજબ, દેશમાં એક્ટિવ કેસની સંખ્યા ૧૭,૦૮૭ થઈ છે. જ્યારે કુલ મૃત્યુઆંક ૫,૨૪,૫૮૬ પર પહોંચ્યો છે. દેશમાં ૪,૨૬,૧૧,૩૭૦ લોકો કોરોના સામે જંગ જીત્યા છે. દેશમાં અત્યાર સુધીમાં ૧૯૩,૨૮,૪૪,૦૭૭ રસીના ડોઝ આપવામાં આવ્યા છે. જેમાંથી ગઈકાલે ૧૩,૮૧,૭૬૪ ડોઝ આપવામાં આવ્યા હતા. દેશમાં ૧૬ જાન્યુઆરી, ૨૦૨૧થી રસીકરણ શરૂ થયું હતું.

## નવી સરકારનું ગઠન થશે નહિ ત્યાં સુધી સીએસ પંકજકુમાર મુખ્ય સચિવ તરીકેનો કારભાર સંભાળશે

ગાંધીનગર,

ગુજરાતના મુખ્યસચિવ પંકજકુમારને પણ વધુ આઠ મહિનાનું એક્સ્ટેન્શન આપવામાં આવ્યું છે. આગામી વિધાનસભાની ચૂંટણીમાં પંકજ કુમાર ઉપર વિશેષ જવાબદારીઓ હોવાનું પણ ચર્ચાઈ રહ્યું છે. સરકારનાં આદેશ અનુસાર નવી સરકારનું ગઠન થશે નહિ ત્યાં સુધી સીએસ પંકજકુમાર મુખ્ય સચિત તરીકેનો કારભાર સંભાળશે. આ બાબતે આજે જ કેન્દ્ર તરફથી પણ ઓર્ડર આપવામાં આવશે એવું સુત્રો દ્વારા જાણવા મળેલ છે. પંકજ કુમાર ૧૯૮૬ની બેચના આઈએએસ છે. મૂળ તેઓ બિહારના વતની છે અને આઈઆઈટીના પૂર્વ વિદ્યાર્થી છે. ટેકનોક્રેટ પંકજ કુમારે રાજ્યમાં અનેક



વિભાગોમાં ઉત્તમ કામગીરી કરી છે. તેમની રાહબરીમાં મહેસૂલ વિભાગમાં ક્રાંતિકારી ડિજિટલ કામ થયા હતા. આ ઉપરાંત સરકારે તેમને કોરોનાકાળમાં પણ મહત્ત્વની જવાબદારી સોંપી હતી. આ સમયે તેમણે કરેલી કામગીરીની માધ્યમોમાં પણ ખૂબ નોંધ લેવાઈ હતી.

## નવા સંસદ ભવનમાં દ્રૌપદી, સીતા, મીરા સહિત ૭૫ અન્ય નારી રત્નોને ખાસ સ્થાન અપાશે

નવીદિલ્હી,

દેશની રાજધાની દિલ્હી ખાતે પૂરજોશમાં નવા સંસદ ભવનનું નિર્માણ કાર્ય ચાલી રહ્યું છે. સેન્ટ્રલ વિસ્ટા પ્રોજેક્ટ અંતર્ગત થઈ રહેલી આ કામગીરીમાં વડાપ્રધાન અને નાયબ રાષ્ટ્રપતિના આવાસની સાથે સાથે મંત્રાલયની અનેક નવી ઓફિસો પણ બનાવવામાં આવશે. આઝાદીના ૭૫ વર્ષના પ્રસંગને ખાસ બનાવવા માટે ઈતિહાસની મહાન મહિલાઓને સન્માન આપવામાં આવશે. તેના અંતર્ગત નવા સંસદ ભવનની દીવાલો પર દેશની ૭૫ પ્રતિષ્ઠિત મહિલાઓના ખાસ પેઈન્ટિંગ બનાવવામાં આવી રહ્યા છે.

પાર્લામેન્ટની નવી બિલ્ડિંગમાં દ્રોપદી, સીતા, રઝિયા સુલતાન, અહિલ્યાબાઈ હોલકર અને ભારતની પૌરાણિક કથાઓ તથા ઈતિહાસની અન્ય મહિલાઓના પેઈન્ટિંગ લગાવવામાં આવશે. અધિકારીઓએ આ સન્માનિત મહિલાઓના પેઈન્ટિંગ્સ સંસદ ભવનની દીવાલોની શોભા વધારશે તેવી માહિતી આપી હતી.

એક અધિકારીના કહેવા પ્રમાણે સ્વતંત્રતાના ૭૫ વર્ષની ઉજવણીને ધ્યાનમાં રાખીને સરકાર વૈદિક કાળથી ૧૯૪૭ના વર્ષ સુધીની ૭૫ મહાન મહિલાઓના પેઈન્ટિંગ્સ પ્રદર્શિત કરવા વિચારણા કરી રહી છે. તેમાં પેઈન્ટિંગની સાથે જ તે નારીરત્ન અંગેની જાણકારી પણ દર્શાવેલી હશે. તે મહિલાઓ કોણ હતી, તેમણે ભારતીય ઈતિહાસમાં શું ભૂમિકા ભજવી વગેરે માહિતીનો ઉલ્લેખ કરવામાં આવશે. જોકે અન્ય એક અધિકારીએ કેટલી મહિલાઓને ચિત્રિત કરવામાં આવશે અને ચિત્રોનું કઈ રીતે પ્રદર્શન કરવામાં આવશે તે અંગે નિર્ણય લેવાનું બાકી હોવાનો દાવો કર્યો હતો. એક અહેવાલ પ્રમાણે જે નારીરત્નોના પેઈન્ટિંગ લગાવવામાં આવશે તેમાં ૧૮મી શતાબ્દીના મરાઠા રાણી અહિલ્યાબાઈ હોલકર, મહાભારત કાળની દ્રૌપદી, દેવી સીતા અને વૈદિક યુગના અદિતિ, અપાલા વગેરે રત્નોનો સમાવેશ થાય છે. ઉપરાંત પેઈન્ટિંગ્સમાં કાશ્મીરના શૈવ ભક્તિ પરંપરાના ભક્ત કવિયત્રી લાલેશ્વરીનો પણ સમાવેશ કરવામાં આવી શકે છે. તે સિવાય ૧૬મી શતાબ્દીના કૃષ્ણ ભક્ત મીરાબાઈ અને ૧૩મી શતાબ્દીમાં દિલ્હી પર શાસન કરનારા રઝિયા સુલતાન પણ છે. સેન્ટ્રલ વિસ્ટા પુનર્વિકાસ પરિયોજના અંતર્ગત સરકાર એક નવું સંસદ ભવન, ઉપરાષ્ટ્રપતિ અને વડાપ્રધાન માટે નવા આવાસ તથા કેન્દ્રીય સચિવાલય ભવનોનું નિર્માણ કરી રહી છે જેમાં આશરે ૫૧ મંત્રાલયો હશે. તેના અંતર્ગત રાજપથનો પણ પુનર્વિકાસ કરવામાં આવી રહ્યો છે. આ વર્ષના ઓક્ટોબર મહિના સુધીમાં સંસદ ભવન તૈયાર થઈ જશે તેવી આશા છે. જ્યારે સેન્ટ્રલ એવન્યુનું કામકાજ જૂનના અંત સુધીમાં પૂર્ણ થઈ જશે

## મુસ્લિમો તેમના ધાર્મિક કાયદામાં કોઈ ફેરફાર સ્વીકારશે નહીં : મૌલાના નોમાની

દેવબંદ,

દેવબંદમાં જમિયત ઉલેમા-એ-હિંદની નેશનલ કોન્ફરન્સનો આજે છેલ્લો દિવસે પ્રોફેસર મૌલાના નોમાની શાહજહાંપુરીએ કોમન સિવિલ કોડનો પ્રસ્તાવ મૂક્યો હતો. તેમણે કહ્યું, "સરકાર મુસ્લિમ પર્સનલ લૉને નાબૂદ કરવા માટે કોમન સિવિલ કોડ લાવવા માગે છે, જે સહન કરવામાં આવશે નહીં. લગ્ન, છૂટાછેડા જેવી બાબતો ધાર્મિક ભાગ છે. દેશના દરેક શહેરને સ્વતંત્રતાનો અધિકાર મળેલો છે. મુસ્લિમો તેમના ધાર્મિક કાયદામાં કોઈપણ ફેરફાર સ્વીકારશે નહીં. જો સરકાર આમ કરશે તો અમને તમામ પ્રકારના વિરોધ કરવાની ફરજ પડશે."

કોન્ફરન્સમાં ૨૫ રાજ્યમાંથી જમિયતના ૧૫૦૦ અગ્રણી સભ્યો આવ્યા છે. વારાણસીની જ્ઞાનવાપી, મથુરાની શાહી ઈદગાહ- શ્રીકૃષ્ણ જન્મભૂમિ, કુતુબ મિનાર જેવા મુદ્દાઓ પર ચર્ચા થઈ રહી છે. આજના સંમેલન પર દેશભરના મુસ્લિમો સહિત દરેક હિન્દુત્વવાદી પક્ષોની નજર પણ રહેલી છે. આ સંમેલનમાં દેશભરમાંથી લગભગ ત્રણ હજાર મુસ્લિમોએ ભાગ લીધો છે. કોન્ફરન્સમાં 'ફિદા-એ-ઝિલ્લત' પુસ્તકનું વિમોચન કરવામાં આવ્યું હતું. આ પુસ્તક ઉર્દૂ ને અરબી ભાષામાં છે. એના લેખક મૌલાના અબ્દુલ હઈ ફારુકી છે. દારુલ ઉલૂમ દેવબંદના વાઈસ-ચાન્સેલર અબ્દુલ કાસિમ નોમાની, જમિયત ઉલમા એ-હિંદના રાષ્ટ્રીય અધ્યક્ષ મૌલાના મહમૂદ મદની દ્વારા પુસ્તકનું વિમોચન કરાયું હતું.

કોન્ફરન્સમાં 'ફિદા-એ-ઝિલ્લત' પુસ્તકનું વિમોચન કરવામાં આવ્યું હતું. આ પુસ્તક ઉર્દૂ ને અરબી ભાષામાં છે. એના લેખક મૌલાના અબ્દુલ હઈ ફારુકી છે. દારુલ ઉલૂમ દેવબંદના વાઈસ-ચાન્સેલર અબ્દુલ કાસિમ નોમાની, જમિયત ઉલમા એ-હિંદના રાષ્ટ્રીય અધ્યક્ષ મૌલાના મહમૂદ મદની દ્વારા પુસ્તકનું વિમોચન કરાયું હતું. કાયદા પંચના ૨૦૧૭માં પ્રકાશિત થયેલા ૨૬૭મા અહેવાલ મુજબ, હિંસા ભડકાવનારા અને તમામ લઘુમતીઓને વિશેષ રીતે સજા માટે અલગ કાયદો બનાવવો જોઈએ. ખાસ કરીને મુસ્લિમ લઘુમતીઓને સામાજિક અને આર્થિક રીતે અલગ પાડવાના પ્રયાસોને નિષ્ફળ બનાવવા જોઈએ. મૌલાના મહમૂદ મદની અને અરશદ મદની જમિયત ઉલેમા-એ-હિંદના રાષ્ટ્રીય સંમેલનમાં એક મંચ પર દેખાયા હતા. બંને કાકા-ભત્રીજા છે. ખુરશી બાબતે વિવાદ પછી બંને પોતપોતાની જમિયતના પ્રમુખ બની ગયા હતા. ઘણા સમય બાદ જયારે બંને જમિયતના વડાઓએ સ્ટેજ શેર કર્યું. બંનેએ એકતાનો સંદેશ આપ્યો. સ્ટેજ પરથી અરશદ મદનીએ કહ્યું હતું કે એ દિવસ દૂર નથી જ્યારે બંને જમાત એક થઈ જશે, કારણ કે બંને જમાતનો હેતુ એક જ છે.

## ફરી ભારતની સરહદમાં ઘૂસ્યું પાકિસ્તાની ડ્રોન, સુરક્ષા દળોએ તોડી પાડ્યું

શ્રીનગર,

જમ્મુ-કાશ્મીરના કઠુઆથી આવી રહેલા મોટા સમાચાર મુજબ આજે અહીં જિલ્લામાં સુરક્ષા દળોએ સરહદ પારથી આવતા એક ડ્રોનને તોડી પાડ્યું હતું. આ અંગે પોલીસે જણાવ્યું કે આ ઘટના રાજબાગ પોલીસ સ્ટેશન વિસ્તારના તલ્લી હરિયા ચકની છે જ્યાં એક પાકિસ્તાની ડ્રોન ભારતમાં ઘૂસવાનો પ્રયાસ કરી રહ્યું હતું. આ ડ્રોન સાથે પેલોડ એટેચમેન્ટ છે, જેની પણ બોમ્બ ડિસ્પોઝલ નિષ્ણાતો દ્વારા તપાસ કરવામાં આવી રહી છે. હાલમાં ભારતીય સેના પણ આ મામલે પોતાની રીતે તપાસ કરી રહી છે. નોંધનીય છે કે ૨૯ એપ્રિલ, ૨૦૨૨ ના રોજ, સીમા સુરક્ષા દળ ના જવાનોએ ગુરુવાર-શુક્રવારે બપોરે ૧.૧૫ વાગ્યે ભારત-પાકિસ્તાન સરહદ પર ધનોઆ કલાન ગામ નજીક એક ડ્રોનને તોડી પાડ્યું હતું.

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.

- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઇઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

વાય.એ. પરમાર

મુ. શિવરાજપુર, તા.હાલોલ, જી. પંચમહાલ

મહિસાગર આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા

પંચમહાલ સમાચાર

### કેન્દ્રીય ગૃહ મંત્રી અમીતભાઇ શાહના હસ્તે નડીઆદ ખાતેથી

# રૂા.૧૮.૯૦ કરોડના ખર્ચે નવનિર્મિત મહીસાગર જિલ્લા પોલીસ અધિક્ષકની કચેરીનું ઇ-લોકાર્પણ

લુણાવાડા,

કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિતભાઇ શાહ આજે ખેડા જિલ્લાના વડામથક નડિયાદ ખાતેથી ગુજરાત પોલીસ આવાસ નિગમ દ્વારા નવનિર્મિત આશરે ૯૨૫ પોલીસ આવાસોનું લોકાર્પણ કરશે.રાજ્યના ૧૯ જિલ્લાની ૪૮ જગ્યાએ આ આવાસો નિર્માણ પામ્યાં છે. આ ઉપરાંત નડીયાદ ખાતેથી જે ૫૭ મકાનોનું ઇ-લોકાર્પણ થનાર છે તેમાં ૨૫-જીલ્લાઓમાં તૈયાર થયેલ પોલીસ કર્મચારીઓ માટેના આવાસો તથા પોલીસ વિભાગના મકાનો જેવા કે પોલીસ સ્ટેશન, આઇ.બી. વિભાગની કચેરીઓ, ડોગ કેનાલ, મોટર ટ્રાન્સપોર્ટ વિભાગ, વાયરલેસ વર્કશોપ, માઉન્ટડ યુનિટ, પોલીસ બેરેક, પોલીસ ડીસ્પેંસરી, સ્પોર્ટ્સ ફેસીલીટી સહિતના બિલ્ડિંગનો સમાવેશ થાય છે. આ તમામ મકાનો રૂ. ૩૪૭.૮ કરોડના ખર્ચે તૈયાર થયેલ છે. આ મકાનોમાં ૧૮.૫૪ કરોડના ખર્ચે બનેલ અમદાવાદ શહેરની દેવજીપુરા પોલીસ લાઇન તથા ૧૯.૭૬ કરોડના ખર્ચે બને ચાંદખેડા પોલીસ લાઇન, ૩૫.૭૯ કરોડના ખર્ચે બનેલ ગાંધીનગર પોલીસ હેડ કવાર્ટર ખાતેના રહેણાંક મકાનો, ૧૩.૪૨ કરોડના ખર્ચે બનેલ રાજકોટ શહેર પોલીસ હેડ કવાર્ટર ખાતેના રહેણાંક મકાનો, ૧૮.૯૦ કરોડના ખર્ચે બનેલ મહીસાગર જીલ્લા પોલીસ અધિક્ષકની કચેરી, ૧૩.૧૨ કરોડના ખર્ચે બનેલ છોટાઉદેપુર જિલ્લા પોલીસ અધિક્ષકની કચેરી જેવા મોટા પ્રોજેકટ સહિતના ૫૭ મકાનોનો સમાવેશ થાય જેનું વર્ચ્યુઅલ લોકાર્પણ કર્યું હતું.


તસ્વીર : ધ્રુવ દરજી, લુણાવાડા

નડીઆદ ખાતેથી કેન્દ્રીય ગૃહ મંત્રી અમીતભાઇ શાહના હસ્તે મહીસાગર જિલ્લા પોલીસ અધિક્ષકની કચેરીનું ઇ-લોકાર્પણ કરવાના પ્રસંગે સંતરામપુર રોડ ઉપર આવેલ પોલીસ પરેડ ગ્રાઉન્ડ લુણાવાડા ખાતે યોજાયેલ કાર્યક્રમ પ્રસંગે રાજયના ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ રાજય મંત્રી કુબેરભાઇ ડીંડોરએ રાજ્ય પોલીસને સતત વધુ મજબૂત અને વધુ કાર્યક્ષમ બનાવવા રાજ્યની સરકાર છેલ્લાં બે દાયકાથી કટિબ્દધ હોવાનું જણાવી પોલીસ વિભાગની રોજીંદી કામગીરી માટે આવશ્યક એવા પોલીસ સ્ટેશન, પોલીસ હેડ ક્વાર્ટર, અલગ-અલગ સ્તરના અધિકારીઓની કચેરીઓ સહિતના પોલીસને લગતાં મકાનો અધ્યતન બને અને તેમાં નાગરિકોને પૂરતી સુવિધાઓ મળી રહે તે માટે તથા પોલીસ કર્મચારીઓને ભાડામુકત રહેઠાણની સુવિધા મળી રહે તેને રાજ્ય સરકાર દ્વારા પ્રાધાન્ય આપવામાં આવી રહ્યું હોવાનું ઉમેર્યું હતું.

મંત્રી ડીંડોરએ સામાન્ય માનવી-નાગરિકોની સમસ્યા-રજૂઆતોનું ત્વરાએ સ્થાનિક કક્ષાએ જ નિવારણ આવે તે દિશામાં રાજય સરકાર કામ કરી રહી છે. રાજય સરકાર વિકાસનું પર્વ લોકો વચ્ચે જઈને ઉજવી તેના લાભ છેવાડાના માનવી સુધી પહોંચાડી રહી છે તેમ જણાવી રાજયનો કોઈપણ સમાજ વર્ગ વિકાસથી વંચિત ન રહે તે માટે રાજય સરકારે શ્રેષ્ઠ આયોજન કર્યું હોવાનું ઉમેર્યું હતું.

મંત્રી ડીંડોરએ સંતરામપુર ખાતે સાયન્સ કોલેજની મંજૂરી મળી જતાં આ કોલેજમાં પ્રવેશની ઓનલાઇન પ્રક્રિયા શરૂ થઇ ગયેલ હોઇ જિલ્લાના વિદ્યાર્થીઓને આ કોલેજમાં પ્રવેશ મેળવવા અપીલ કરી હતી. તેમણે વધુમાં આ કોલેજમાં જરૂરી સ્ટાફની નિમણૂંક કરવામાં આવી હોવાનું ઉમેર્યું હતું.

આ પ્રસંગે સાંસદ રતનસિંહ રાઠોડે પ્રાસંગિક ઉદ્દબોધન કરી વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીના નેતૃતવ હેઠળની કેન્દ્ર સરકાર અને મુખ્ય મંત્રી ભૂપેન્દ્રભાઇ પટેલના નેતૃત્વ હેઠળની રાજય સરકાર જનકલ્યાણ માટે અમલમાં મૂકવામાં આવેલી સરકારી યોજનાઓના તમામ લોકોને લાભ મળવાથી અનોખું પરિવર્તન આવ્યું હોવાનું જણાવી. ગરીબોને લાભ મળવાથી તેઓ ગરીબમાંથી બહાર આવ્યા છે, સરકારની ગરીબલક્ષી જનહિતની યોજનાઓ હેઠળ સો ટકા લાભાર્થીઓને આવરી લઇ કોઇપણ જાતના ભેદભાવ વિના સૌના સાથ, સૌના વિકાસ, સૌના વિશ્વાસ અને સૌના પ્રયાસ સાથે ગરીબ કલ્યાણની દરેક યોજનાઓથી કોઇ લાભાર્થી વંચિત ન રહે તેવા દ્રઢ સંકલ્પ સાથે દેશ અને રાજય આગળ વધી રહ્યો છે ત્યારે કેન્દ્ર-સરકારની આ વિકાસ યાત્રામાં સૌને સંમેલિત થવા કહ્યું હતું.

પ્રારંભમાં જિલ્લા પોલીસ વડા રાકેશ બારોટે સ્વાગત પ્રવચન કરી સૌને આવકારી જિલ્લા પોલીસ અધિક્ષક કચેરીની અદ્યતન બિલ્ડીંગમાં ઉપલબ્ધ સુવિધાઓની રૂપરેખા આપી હતી. પોલીસ પરેડ ગ્રાઉન્ડ ખાતે યોજાયેલ કાર્યક્રમ પૂર્ણ થયા બાદ આરોગ્ય રાજય મંત્રી નિમિષાબેન સુથાર, ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ રાજય મંત્રી કુબેરભાઇ ડીંડોરએ નવનિર્મિત પોલીસ અધિક્ષક કચેરીની મુલાકાત લીધી હતી. જિલ્લાના સીસીટીવી કમાન્ડીંગ એન્ડ કંટ્રોલ રૂમની મુલાકાત લઇ કેવી રીતે કામગીરી કરવામાં આવી રહી છે તેનું નિરીક્ષણ કરી જિલ્લા પોલીસ અધિક્ષક રાકેશ બારોટને શુભેચ્છાઓ પાઠવી હતી. મંત્રીઓની આ મુલાકાત સમયે સાંસદ રતનસિંહ રાઠોડ, ધારાસભ્ય જીજ્ઞેશભાઇ સેવક, જિલ્લા પંચાયત પ્રમુખ રમીલાબેન ડામોર, જિલ્લા વિકાસ અધિકારી કે. ડી. લાખાણી વિગેરે સાથે રહ્યા હતા.

મુલાકાત લીધા બાદ રાજયના આરોગ્ય રાજય મંત્રી નિમિષાબેન સુથારએ કેન્દ્રિય ગૃહ મંત્રી અમીતભાઇ શાહના હસ્તે ૨૫-જીલ્લાઓમાં તૈયાર થયેલ પોલીસ કર્મચારીઓ માટેના આવાસો તથા પોલીસ વિભાગના મકાનોના કરવામાં આવેલ લોકાર્પણની મીડિયાને પ્રતિનિધિઓને જાણકારી આપી પોલીસ અધિકારી-કર્મચારીઓ નાગરિકોની સેવામાં કોઈપણ આપત્તિના સમયે ખડેપગે હાજર રહેતા હોય છે ત્યારે તેઓના પ્રત્યે સંવેદના દાખવી રાજય સરકાર દ્વારા આધુનિક આવાસો-કચેરીઓ તૈયાર કરીને તેનું લોકાર્પણ કરવામાં આવ્યું હોવાનું જણાવી દેશના બધા રાજયમાં ગુજરાત સૌથી સુરક્ષિત રાજય હોવાનું જણાવ્યું હતું.

આ પ્રસંગે લુણાવાડાના ધારાસભ્ય જીજ્ઞેશભાઇ સેવક, જિલ્લા પંચાયત પ્રમુખ રમીલાબેન ડામોર, જિલ્લા ભા.જ.પ. પ્રમુખ દશરથભાઈ બારિયા, રેન્જ આઇ.જી. એમ.એસ.ભરાડા, જિલ્લા કલેકટર ડો. મનિષકુમાર, જિલ્લા વિકાસ અધિકારી કે. ડી. લાખાણી, ગુજરાત રાજય મહિલા આયોગના પૂર્વ અધ્યક્ષ લીલાબેન અંકોલિયા, જિલ્લા-તાલુકા સંગઠનના પદાધિકારીઓ, ડી.વાય.એસ.પી.ઓ, જિલ્લા પોલીસ હેડકવાર્ટર સહિત જિલ્લાના પોલીસ ઇન્સ્પેકટરો, પોલીસ સબ ઇન્સ્પેકટરો સહિત પોલીસ જવાનો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમ ના અંતે ડી.વાય.એસ.પી. હાર્દિક પ્રજાપતિ એ આભાર વિધિ કરી હતી.

# મોટી સરસણ ખાતે સંતરામપુર-કડાણા તાલુકાના વણકર સમાજના વિદ્યાથીઓને સ્કુલ બેગ વિતરણ કેમ્પ યોજાયો

સંતરામપુર,

સેવા સંકલ્પ મિશન ફાઉન્ડેશન મોટી સરસણ એવમ જ્ઞાન ગંગા ટ્રસ્ટ મોટી સરસણ એવમ મૈટીસરસણ સમસ્ત સુદરસાથ સંયુક્ત ઉપક્રમે સોળ ગામ વણકર સમાજ ના વિદ્યાથીઓ સ્કુલ બેગ સિલેટ બોલપેન કંપાસ દેશીસાહબ વિતરણ કેમ્પ સંભારમના અધ્યક્ષ ડો ધીરેન સુતરિયા ચેરમેન ડો આંબેડકર ચેર ગુરૂ ગોવિંદ યુનિવર્સિટી પંચમહાલ ગોધરા એવમ ભૂતપૂર્વ ઈસી મેમ્બર ગુરૂ ગોવિંદ યુનિવર્સિટી પંચમહાલ ગોધરાડો.અમિત જોતીકર ડો બાબા આંબેડકર ના લેખક અને જાણીતાં સાહિત્યકાર અને સંપાદક અને પ્રેરણામેતિ નયનાબેન પરમાર સમાજ સેવિકા અને પત્રકાર સોળ ગામ વણકર સમાજ ના બુદ્ધીજીવો હસ્તીઓ અને વડીલો ભાઈઓ બહેનો તથા વિદ્યાથીઓ વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા અને સોળ ગામ વણકર સમાજ ના ૩૦૦ જેટલા વિદ્યાથીઓ દફતર બેગ કપાસ સિલેટ નાસ્તો ડબ્બો પાણી ની બોટલ પેન્સિલ હંચો રબળ જેવી અનેક વસ્તુઓ સાથે રાખી આપી હતી. જેમાં આ કાર્યક્રમમાં સતત રાત દિવસ મહેનત કરી જેઓ અમિત પરમાર બહુજ સરસ મજાનું કાર્યક્રમ સફળ બનાવવાની ઘગશ રાખી હતી અને આજે મહિલા ઓની ભાગીદારી અને સહ ભાગી રહ્યા તેથી હું આજના દિવસે સંકલ્પ લઉં છું કે, જે સમાજ માં મેં જન્મ લીધો છે. એ સમાજ અને રાષ્ટ્ર ની સ્ત્રી ઓ, દીકરી ઓ ને અંધશ્રદ્ધા અને પાખંડવાદ માં થી બહાર લાવવા ના શક્ય પ્રયત્નો કરીશ. કારણકે બાબા આંબેડકરે કહ્યું છે કે કોઈ પણ સમાજ અને રાષ્ટ્ર ના વિકાસ અને પ્રગતિ માટે તે સમાજ, રાષ્ટ્ર ની સ્ત્રી ઓ ની પ્રગતિ પર થી જાણી શકાય. અને જ્યાં સુધી સ્ત્રીઓ અંધશ્રદ્ધા અને પાખંડ માં રહેશે ત્યાં સુધી સ્ત્રીઓ ની પ્રગતિ શક્ય નથી.

બાબા આંબેડકર ની વિચારધારા મિશનમાં પણ જ્યાં સુધી સ્ત્રીઓ ને જાગૃત નહીં કરીએ, અંધશ્રદ્ધા અને પાખંડ માંથી બહાર લાવવાના પ્રયત્નો નહીં કરીએ ત્યાં સુધી બાબા ની વિચારધારા નું મિશન ક્યારેય આગળ નહીં વધે.


તસ્વીર : બશીર પઠાણ, સંતરામપુર

સમાજની પ્રગતિ અને ઉત્થાન માટે સ્ત્રી ઓ નું અહમ અને મહત્વ પુર્ણ યોગદાન રહેલું છે.,આ વાત ને સમજવી અને સ્વીકારવી પડશે.

આ કાર્યક્રમોનું સંચાલન સતીશ કુમાર પરમાર નવા કાળીબેલ કરવામાં આવ્યું હતું.કાર્યક્રમમાં બિરસા મુંડા, ડોક્ટર બાબા આંબેડકર, બુદ્ધ અને તેનો ધમ્મ, ડોક્ટર પી.જી. જયોતિકરનું સોવિનિયર તમામ આમંત્રિત મહેમાનોને સ્વાગત સન્માનમાં પુસ્તક આપવામાં આવ્યું હતું. જયારે બાળકોને સલેટ, બોલપેન, પેનિસલ, રબર, સંચો પાણીની બોટલ, દફતર બેગ તથા શૈક્ષણિક કીટ મહાનુભાવોના વરદ હસ્તે આપવામાં આવ્યું હતું.

## સંતરામપુર નગરપાલિકા દ્વારા બનાવવામાં આવેલું ટાઉન હોલ રાજયકક્ષાના મંત્રીના વરદહસ્તે લોકાર્પણ કરાશે



સંતરામપુર,

સંતરામપુર નગરપાલિકા દ્વારા આઝાદ મેદાનમાં આ છે. રૂપિયા અઢી કરોડના ખર્ચે ટાઉન હોલ તૈયાર કરવામાં આવેલો છે. જેમાં રાજયકક્ષાના મંત્રી કુબેરભાઈ ડીડોરના વરદ હસ્તે લોકાર્પણ કરાશે અને પૂર્વ કેન્દ્રીય મંત્રી જશવંતસિંહ ભાભોર, મહિસાગર જિલ્લા પ્રમુખ દશરથ બારીયા, નગરપાલિકા પ્રમુખ મોટી સંખ્યામાં આમંત્રિત મહેમાનો નગરપાલિકાના સભ્યો ઉપસ્થિત સોમવારના રોજ તારીખ૩૦ ના રોજ લોકાર્પણ કરવામાં આવશે આધુનિક સંતરામપુર નગરના દરેક સમાજને ઉપયોગી આવી શકે અને દરેક પ્રસંગ માટે દરેક સમાજ નગરપાલિકામાં ટોકન ભાડા પેટે તેને આપવામાં આવશે વર્ષો પછી ટાઉનહોલ સંતરામપુર નગરમાં પ્રથમવાર બનાવવામાં આવેલો છે. તેનો ઉપયોગ દરેક સમાજ કરી શકશે દરેક પ્રસંગમાં ઉપયોગ માટે આપી શકવા આપી શકશે અને સંપૂર્ણ સાથે તૈયાર કરવામાં આવેલો છે.

## સંતરામપુર તાલુકાના બુગડ ગામે કળિયુગી પુત્રએ પિતાને દસ્તાના ઘા ઝીંકી મોતને ઘાટ ઉતાર્યો

સંતરામપુર,

સંતરામપુર તાલુકામાં પિતા-પુત્રના સંબંધ એ આવે તેવી ઘટના સામે આવી છે. સંતરામપુર તાલુકાના ગઢ ગામે પુત્રે જ તેના પિતાને મોતને ઘાટ ઉતારી દેતાં સમગ્ર પંથકમાં ચકચાર મચી જવા પામી છે. બુગડ ગામે વૃદ્ધ દંપતી દેવાભાઈ ડામોર તેમજ તેમના પત્ની રેશમબેન ડામોર આગાસી ઉપર સૂતા હતા. ત્યારે તેમનો પુત્ર ડામોર છગનભાઈ હાથમાં લોખંડનો જાડો દસ્તો લઈ આગાસી ઉપર આવ્યો હતો અને કહેવા લાગ્યો હતો કે, તમે મારા ઘરે કેમ નથી સુતા તેમ કહી અને આવેશમાં આવી જઈ પુત્ર છગનભાઈએ તેમના પિતાના માથામાં લોખંડનો દસ્તો મારી દીધો હતો. તેમજ તેની માતા રેશમબેનને પણ ઈજાઓ પહોંચાડી હતી. માતા-પિતાને લોહીલુહાણ હાલતમાં મૂકી અને આરોપી છગનભાઈ ત્યાંથી નાશી છૂટયો હતો. આ બનાવમાં દેવાભાઈ ડામોરનું મૃત્યુ નિપજ્યું છે, તો રેશમ બેનને ઈજાઓ પહોંચતા હાલ તે સારવાર હેઠળ છે. આ બનાવની જાણ સંતરામપુર પોલીસ મથકમાં કરવામાં આવી છે. પોલીસએ આરોપી ડામોર છગનભાઈ વિરૂદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. ત્યારે આવા કળિયુગી પુત્રે અને કડકમાં કડક સજા થાય તેવી સમગ્ર પંથકમાં માંગ ઉઠી છે.

# લુણાવાડા પાસે અકસ્માતમાં એક જ પરિવારના ચાર સભ્યોના મોત

મહીસાગર,

મહીસાગર જિલ્લાના લુણાવાડા પાસે ગમખ્વાર અકસ્માતમાં એક જ પરિવારના ચાર સભ્યોના ઘટના સ્થળે કમકમાટીભર્યા મોત નિપજયા છે. ટ્રક અને બાઈક વચ્ચે અકસ્માત સર્જાતાં કોસીયા નાકા પાસે આ ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. ટ્રક ચાલકે બાઈક સવાર માતા પિતા અને બાળકો અડફેટે લેતા ચારેયમાં ઘટના સ્થળે મોત નિપજયા હતા.

પ્રાપ્ત વિગતો અનુસાર બાઈક પર સવાર એક જ પરીવાર ના ૪ સભ્યો માતા, પિતા સહિત બે બાળકો કોસીયાનાકા પાસેથી પસાર થઈ રહ્યા હતા. ત્યારે ટ્રકે તેમને અડફેટે લીધાહતા. અને ચારેયના ઘટના સ્થળે જ મોત નીપજયા હતા. અકસ્માતમાં માતા, પિતા સહિત બે બાળકોના મોત નીપજતા આખા પંથકમાં ચકચાર મચી ગઈ હતી.અકસ્માત થતાં લઘુમતી કોમના ટોળેટોળા ઘટના સ્થળ પર દોડી આવ્યા હતા. દૂર દૂર સુધી મધ્ય રાત્રિ એ ટ્રાફિક જામ દશ્યો સર્જાયા હતા. ઘટનાની જાણ થતા મહીસાગર પોલીસનો મોટો કાફલો ઘટના સ્થળે દોડી આવ્યો હતો. કોઈ અનિચ્છનીય ઘટના ના બને માટે નાયબ જિલ્લા પોલીસ વડા દ્વારા એસ ઓ જી એલ સી બી સહિત લુણાવાડા પોલીસનો કાફલો ઘટના સ્થળે ખડકી દેવામાં આવ્યો છે.

પોલીસએ અકસ્માતમાં મોત નીપજનાર ચારેયને કોટેજ હોસ્પિટલ લઈ જવામાં આવ્યા હતા. પોલીસે અડફેટે લેનાર ટ્રક સહિત ચાલક ને ઝડપી આગળ ની કાર્યવાહી હાથ ધરી છે.

## આપની આજ.......

મેષ : આજનો દિવસ શુભ છે, તમે ઉર્જાથી ભરપૂર હશો, કાર્ય યોજનાઓમાં પ્રગતિ થશે, આજે તમને આવકના નવા સ્રોત પણ મળી શકે છે. જો તમે વાણીમાં મધુરતા અને સૌમ્યતા જાળવી રાખશો તો તમને માન અને સન્માન પણ મળશે.

વૃષભ : આજનો દિવસ સંતોષકારક અને શાંતિનો દિવસ છે. આજે જ્યારે રાજકીય ક્ષેત્રે કરવામાં આવેલા પ્રયત્નોને સફળતા મળશે, ત્યારે શાસન અને સત્તા સાથે જોડાણનો લાભ પણ મેળવી શકાય છે. નવી ડીલ દ્વારા પદ અને પ્રતિષ્ઠામાં વધારો થવાની સંભાવના છે.

મિથુન : આજે તમારી આસપાસ સુખદ વાતાવરણ રહેશે. પરિવારના તમામ સભ્યોની ખુશીમાં વધારો થશે. ઘણા દિવસોથી ચાલી રહેલી કોઈપણ મોટી ટ્રાન્ઝેક્શન સમસ્યા ઉકેલાઈ શકે છે. હાથમાં પૂરતી રકમ હોવાનો આનંદ મળશે. વિરોધીઓ પરાજિત થશે.

કર્ક : તમારું મધુર વર્તન સંજોગોને તમારા માટે અનુકૂળ બનાવી શકે છે. જ્યારે તમારા જીવનસાથીની સલાહ કાર્યસ્થળે ઉપયોગી થશે, તેમનો સહકાર તમને પારિવારિક જીવનમાં સુખ આપશે.

સિંહ : આજે નોકરી -ધંધાના ક્ષેત્રમાં ચાલી રહેલા પ્રયાસોમાં અકલ્પનીય સફળતા પ્રાપ્ત થવાની સંભાવના છે. સંતાન તરફથી સંતોષકારક સુખદ સમાચાર મળવાની સંભાવના પણ છે.

કન્યા : કામનો તણાવ મનને અશાંત બનાવી શકે છે જેના કારણે તમે જાણી જોઈને કે અજાણતામાં બેદરકાર રહી શકો છો, આવી સ્થિતિમાં તમારી કિંમતી વસ્તુઓ ગુમાવવાનો કે ચોરી થવાનો ભય રહેશે, તેથી તમારી વસ્તુઓનું ધ્યાન રાખો. સ

તુલા: આજે તમે કેટલાક આંતરિક વિકારથી પીડાઈ શકો છો. આવી સ્થિતિમાં, તમારા માટે વધુ સારું રહેશે કે તમે વિલંબ કર્યા વગર ડોક્ટરને મળો. તમે તમારા માતા-પિતા સાથે સારો સમય પસાર કરશો.

વૃશ્ચિક : આજે તમે તમારા વર્તન અને ગુણો દ્વારા પ્રતિષ્ઠા મેળવી શકો છો. બાળકોની ખુશી માટે આજે તમે કંઈક પ્લાન કરી શકો છો. ટૂંકા અંતરની મુસાફરી પણ આજે થવાની સંભાવના છે.

ધન : આજનો દિવસ મિશ્રિત રહેશે. આજે તમે બાળકો સાથે જોડાયેલી બાબતોને લઈને ચિંતા કરી શકો છો. પારિવારિક જીવન માટે દિવસ અનુકૂળ રહેશે. તમને તમારા જીવનસાથી તરફથી ટેકો અને ખુશી મળશે.

મકર : આજે તમારા સ્વાસ્થ્ય અને સુખમાં અડચણ આવી શકે છે. દિવસની શરૂઆતમાં કોઈ પણ પ્રતિકૂળ સમાચાર સાંભળીને અચાનક પ્રવાસ પર જવું પડી શકે છે, તેથી સાવચેત રહો અને ઝઘડા ટાળો. પતિ-પત્ની વચ્ચે કોઈ વાતને લઈને વિવાદ થઈ શકે છે.

કુંભ : આજે પારિવારિક અને આર્થિક બાબતોમાં સફળતા મળવાની તક છે. આજીવિકાના ક્ષેત્રમાં ચાલી રહેલા નવા પ્રયત્નો ફળદાયી રહેશે. ગૌણ કર્મચારીઓ તરફથી પૂરતો આદર અને સહકાર પણ મળશે. પ્રિય મહેમાનોને રાત્રે આવકારવા માટેનો યોગ બની રહ્યો છે.

મીન : આજે તમારા વિરોધીઓ પણ તમારી પ્રશંસા કરશે. શાસક પક્ષ સાથે નિકટતા અને જોડાણનો લાભ પણ મેળવી શકાય છે. સાસરિયા પક્ષ તરફથી નોંધપાત્ર રકમ ભેટ મળી શકે છે. સાંજથી મોડી રાત સુધી સામાજિક અને સાંસ્કૃતિક કાર્યક્રમોમાં ભાગ લેવાની તકો મળી શકે છે.

### મોદીએ મન કી બાત કાર્યક્રમમાં સંબોધન કર્યું

# ભારતમાં યુનિકોર્નની સદી પૂર્ણ, 'સ્ટાર્ટઅપ બન્યું નવા ભારતની ઓળખ' : વડાપ્રધાન નરેન્દ્ર મોદી

નવીદિલ્હી,

પીએમ નરેન્દ્ર મોદી આજે સવારે ૧૧ વાગ્યે પોતાનો કાર્યક્રમ 'મન કી બાત' દ્વારા દેશવાસીઓને સંબોધિત કર્યા હતાં દર મહિનાના છેલ્લા રવિવારે સવારે ૧૧ વાગ્યે ઓલ ઈન્ડિયા રેડિયો અને ડીડી ચેનલો પર પ્રસારિત થનાર 'મન કી બાત' કાર્યક્રમનો આ ૮૯મો એપિસોડ હતો.

મોદીએ મન કી બાત કાર્યક્રમમાં સંબોધન કર્યું હતું. જેમાં તેમણે કહ્યું કે તાજેતરમાં દેશે એવી સિદ્ધિ મેળવી છે જે આપણા બધાને પ્રેરણા આપે છે. ક્રિકેટના મેદાન પર બેટ્સમેનની સદી સાંભળીને તમને ખુશી થશે, પરંતુ ભારતે બીજા મેદાનમાં પણ સદી ફટકારી છે. આ મહિનાની ૫મી તારીખે દેશમાં યુનિકોર્નની સંખ્યા ૧૦૦ પર પહોંચી ગઈ છે. યુનિકોર્ન એટલે કે ઓછામાં ઓછું સાડા સાત હજાર કરોડનું સ્ટાર્ટઅપ છે. આ યુનિકોર્નનું કુલ મૂલ્ય ૨૫ લાખ કરોડ રૂપિયાથી વધુ છે. આ દરેક ભારતીય માટે ગર્વની વાત છે.



પીએમ મોદીએ કહ્યું કે ભારતીય યુનિકોર્નનો વાર્ષિક વિકાસ દર યુએસએ, યુકે અને અન્ય ઘણા દેશો કરતા વધારે છે. આગામી સમયમાં તેમાં જોરદાર ઉછાળો આવશે તેવું પણ જાણકારોનું કહેવું છે. અમારા યુનિકોર્ન વિવિધ પ્રદેશોમાંથી છે. સ્ટાર્ટઅપ વિશ્વ નવા ભારતની ભાવનાને વેગ આપી રહ્યું છે. દેશમાં સ્ટાર્ટઅપ્સની સંખ્યા સતત વધી રહી છે.

પીએમ મોદીએ કહ્યું, 'થોડા દિવસો પહેલા મને એક એવી રસપ્રદ અને આકર્ષક વસ્તુ મળી, જેમાં દેશવાસીઓની સર્જનાત્મકતા અને કલાત્મક પ્રતિભાનો રંગ ભરેલો છે. તમિલનાડુના તંજાવુરના એક સ્વ-સહાય જૂથ દ્વારા મને મોકલવામાં આવેલી આ અદભૂત ભેટ છે. આ ભેટમાં ભારતીયતાની સુગંધ છે અને તે માતા-શક્તિના આશીર્વાદ - તેમના મારા પ્રત્યેના સ્નેહને પણ પ્રતિબિંબિત કરે છે. આ એક ખાસ તંજાવુર ડોલ છે, જેને જૈ ટેગ પણ મળ્યો છે. સ્થાનિક સંસ્કૃતિ સાથે જોડાયેલી આ ભેટ મને મોકલવા બદલ હું તંજાવુર સ્વ-સહાય જૂથનો વિશેષ આભાર માનું છું.'

પીએમ મોદીએ કહ્યું કે આપણી ઓળખ અલગ ભાષા અને ખોરાક છે. આ વિવિધતા આપણને એક રાષ્ટ્ર તરીકે એકજૂથ રાખે છે. આ દરમિયાન તેમણે મૂળ ઉત્તરાખંડમાં જોશીમઠની કલ્પનાનો ઉલ્લેખ કર્યો. પીએમે કહ્યું કે કલ્પના આજે તેની સખત મહેનતથી આપણા બધા માટે એક ઉદાહરણ બની ગઈ છે. તે પહેલા ટીવીથી પીડાતી હતી અને ત્રીજા ધોરણમાં તેની આંખોની રોશની ગુમાવી હતી. કલ્પનાએ હાલમાં જ કર્ણાટકમાં તેની ૧૦મીની પરીક્ષા પાસ કરી છે. આશ્ચર્યની વાત એ છે કે તેણે ૩ મહિનામાં કન્નડ ભાષા શીખી અને ૯૨ માર્ક્સ મેળવ્યા.

મન કી બાતમાં પીએમ મોદીએ ઉત્તરાખંડની ચારધામ યાત્રાનો પણ ઉલ્લેખ કર્યો હતો. તેમણે કહ્યું કે દરરોજ હજારો ભક્તો કેદારનાથ પહોંચી રહ્યા છે. લોકો આ પ્રવાસના સુખદ અનુભવો શેર કરી રહ્યા છે. પરંતુ મેં એ પણ જોયું કે કેદારનાથમાં કેટલાક તીર્થયાત્રીઓ દ્વારા ફેલાવવામાં આવેલી ગંદકીથી ભક્તો પણ ખૂબ જ દુ:ખી છે. સોશિયલ મીડિયા પર પણ ઘણા લોકોએ પોતાના વિચારો વ્યક્ત કર્યા છે. આપણે પવિત્ર યાત્રાએ જઈએ અને ત્યાં ગંદકીનો ઢગલો થાય, એ સારી વાત નથી. પરંતુ આ દરમિયાન ઘણા લોકો એવા છે જેઓ દર્શનની સાથે સ્વચ્છતા અભિયાનમાં પણ લાગેલા છે. અનેક સંસ્થાઓ પણ ત્યાં કામ કરી રહી છે. જેમ તીર્થયાત્રાનું મહત્વ અહીં આપણામાં છે, તેવી જ રીતે તીર્થ સેવાનું પણ મહત્વ જણાવવામાં આવ્યું છે.

તેમણે કહ્યું, 'આ તંજાવુર ડોલ જેટલી સુંદર છે, તેટલી જ તે મહિલા સશક્તિકરણની નવી કહાની પણ લખી રહી છે. તંજાવુરમાં મહિલા સ્વ-સહાય જૂથના સ્ટોર્સ અને કિઓસ્ક પણ ખુલી રહ્યા છે. જેના કારણે કેટલાય ગરીબ પરિવારોની જિંદગી બદલાઈ ગઈ છે. આવા કિઓસ્ક અને સ્ટોર્સની મદદથી મહિલાઓ હવે ગ્રાહકોને તેમની પ્રોડક્ટ સીધું વેચી શકશે. આ પહેલને 'થરગાઈગલ કૈવિનાઈ પોરુત્તકલ વીરપ્પનાઈ અંગાડી' નામ આપવામાં આવ્યું છે. ખાસ વાત એ છે કે આ પહેલ સાથે ૨૨ સ્વ-સહાય જૂથો જોડાયેલા છે.

પીએમ મોદીએ કહ્યું, 'મન કી બાતના શ્રોતાઓને મારી પણ વિનંતી છે. તમે, તમારા વિસ્તારમાં કયા મહિલા સ્વસહાય જૂથો કાર્યરત છે તે શોધો. તમારે તેમના ઉત્પાદનો વિશે પણ માહિતી એકત્રિત કરવી જોઈએ અને આ ઉત્પાદનોનો શક્ય તેટલો ઉપયોગ કરવો જોઈએ. આ કરવાથી તમે માત્ર સ્વસહાય જૂથની આવક વધારવામાં મદદ કરશો, પરંતુ 'આત્મનિર્ભર ભારત અભિયાન'ને પણ પ્રોત્સાહન મળશે. આ દરમિયાન પીએમ મોદીએ ગણા એવા લોકોની વાત કરી, જેમણે જાતે પોતાનું સ્ટાર્ટઅપ શરૂ કર્યું અને રોજગાર ઉભું કરવા માટે કામ કર્યું. તેના સિવાય મોદીએ જણાવ્યું કે, આપણા માટે એ ખુબ જ ખુશીની વાત છે કે સ્ટાર્ટઅપ્સ માટે ભારતમાં આજે પુરો સપોર્ટ સિસ્ટમ તૈયાર થઈ રહ્યો છે. આવનાર સમયમાં અમે ભારતના સ્ટાર્ટઅપ વર્લ્ડની નવી ઉડાન જોવા મળશે.

યોગ દિવસ વિશે વાત કરતા પીએમ મોદીએ કહ્યું, 'મિત્રો, આ વખતે આપણા દેશમાં 'અમૃત મહોત્સવ'ને ધ્યાનમાં રાખીને દેશના ૭૫ મુખ્ય સ્થળોએ 'આંતરરાષ્ટ્રીય યોગ દિવસ'નું પણ આયોજન કરવામાં આવશે. આ અવસર પર ઘણી સંસ્થાઓ અને દેશવાસીઓ પોતપોતાના ક્ષેત્રોમાં વિશેષ સ્થાનો પર પોતાના સ્તરે કંઈક નવીન કરવાની તૈયારી કરી રહ્યા છે. હું તમને પણ વિનંતી કરીશ કે, આ વખતે યોગ દિવસની ઉજવણી કરવા માટે તમારા શહેર, નગર કે ગામડામાં સૌથી વિશેષ હોય તેવી કોઈ જગ્યા પસંદ કરો. હું ઈચ્છું છું કે તમે પણ 'યોગ દિવસ'ની તૈયારીઓ હમણાંથી જ શરૂ કરો. વધુમાં વધુ લોકોને મળો, સૌને 'યોગ દિવસ'ના કાર્યક્રમમાં જોડાવા વિનંતી કરો, પ્રેરણા આપો. 'મન કી બાત'ના ૮૮મા એપિસોડમાં પીએમ નરેન્દ્ર મોદીએ દિલ્હીમાં ઉદ્દ્ઘાટન કરાયેલ "પ્રધાનમંત્રી સંગ્રહાલય" નો ઉલ્લેખ કરતા દેશના ભૂતપૂર્વ વડા પ્રધાનોના યોગદાનને યાદ કર્યું. પીએમ મોદીએ યુવાનોને પોતપોતાના વિસ્તારોમાં મ્યુઝિયમની મુલાકાત લેવા પણ આહ્વાન કર્યું હતું. પીએમ મોદીએ કહ્યું હતું કે, મારી પાસે મારા યુવા મિત્રો માટે ક્રએક આઈડિયા છે. તમે તમારા વિસ્તારમાં કોઈપણ મ્યુઝિયમ જોવા જાઓ, ત્યાં તમારો અનુભવ પોસ્ટ કરો. જણાવી દઈએ કે આ કાર્યક્રમને ૨૩ ભાષાઓ અને ૨૯ બોલીઓમાં પ્રસારિત કરવામાં આવે છે. 'મન કી બાત' કાર્યક્રમનો પહેલો એપિસોડ વર્ષ ૨૦૧૪માં ૩ ઓક્ટોબરે પ્રસારિત થયો હતો.

# દાહોદ રેલવે કારખાનામાં ફરજ બજાવતા રેલ કર્મીઓની રેલ્વે કેન્ટીન સમિતિના પ્રતિનિધિઓની ચૂંટણી યોજાઈ


તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,
રોલિંગ સ્ટોક કારખાના દાહોદની રેલવે કેન્ટીન સમિતિના પ્રતિનિધિની ચૂંટણી માટે દાહોદ રેલવે કારખાના ના વિવિધ વિભાગોમાં ફરજ બજાવતા કર્મચારીઓ દ્વારા ચૂંટણી માટે નામાંકન ભરવામાં આવ્યું હતું. જેમાં ઓલ ઈન્ડિયા એસટી/એસી એમ્પ્લોઈઝ એસોસિયેશન દાહોદ બ્રાન્ચના સમર્થન દ્વારા ઉભા રહેલા બે ઉમેદવારો ભવ્ય વોટ સાથે ઐતિહાસિક વિજેતા બન્યા હતા. વિજેતા બનેલા બંને ઉમેદવારોને કર્મચારીઓ દ્વારા ફૂલહાર પહેરાવીને ડીજેના તાલે વાજતે ગાજતે વરઘોડો કાઢી એસોસીએશનની ઓફિસે લઈ જવામાં આવ્યા હતા.

રોલિંગ સ્ટોક કારખાના દાહોદ માં ફરજ બજાવતા કર્મચારીઓ માટે રાહત દરે ચા નાસ્તા અને ભોજનની વ્યવસ્થા રેલવે કેન્ટીન દ્વારા કરવામાં આવતી હોય છે. રોલિંગ સ્ટોપ કારખાના દાહોદની રેલવે કેન્ટીન સમિતિના પ્રતિનિધિની ઈલેક્શન જાહેર કરવામાં આવ્યું હતું જેથી રેલવે કારખાનામાં ફરજ બજાવતા કર્મચારીઓ માંથી વિવિધ ઉમેદવારોએ રેલ્વે કેન્ટીન સમિતિના પ્રતિનિધિઓ માટે ઉમેદવારી નોંધાવી હતી. ઈલેક્શન માટે નામાંકન ભરેલ ઉમેદવારોની રેલ્વે કારખાના મુકામે ચૂંટણી યોજાઈ હતી. આ યોજાયેલી ચૂંટણીની મતગણતરી દરમિયાન ઓલ ઈન્ડિયા એસ.ટી–એસ.સી એમ્પ્લોઈઝ યુનિયનના દાહોદ બ્રાન્ચ સમર્થિત ઉમેદવાર જગદીશભાઈ ભૂરાએ ૮૨૮ વોટ મેળવ્યા હતા જ્યારે ડામોર કમલેશકુમાર નવલભાઈ એ ૭૬૦ વોટ મેળવી જવલંત વિજય હાંસલ કર્યો હતો વિજય બનેલા બંને ઉમેદવારોને આદિવાસી પરંપરાગત રીતે પુષ્પમાળા પહેરાવવી, પાઘડી અને જુલડી પહેરાવી ઢોલ સાથે વરઘોડો કાઢવામાં આવ્યો હતો તેમજ વિજય બનેલ બન્ને ઉમેદવારોનો આદિવાસી પરિવારની દાહોદ ડી.સી.સી. ટીમ દ્વારા પાઘડી અને ઝુલડી પહેરાવીને સન્માન કર્યું હતું ડીજે ના તાલે રેલવે કર્મચારીઓ રેલીમાં જુમ્યા હતા. વિજેતા ઉમેદવાર કમલેશ ડામોર અને જગદીશ ભૂરા તેમજ ઓલ ઈન્ડિયા એસ.ટી. એમ્પ્લોઈઝ યુનિયનના દાહોદ બ્રાન્ચના પ્રમુખ વાલાભાઈ નલવાયા તેમજ સેક્રેટરી પ્રતાપસિંહ બી પરમાર દ્વારા તમામ રેલવે કર્મચારીઓનો આભાર વ્યક્ત કર્યો હતો. ઢોલ અને ડીજેના તાલે રેલ્વે કારખાના મુખ્ય ગેટ થી નીકળી વરઘોડો રેલ્વે કેન્ટીન થઈ સાત રસ્તા મુકામે આવેલ એસ.ટી એસ.સી એસોસિએશનને ના ઓફિસે પહોંચ્યા હતા.

# દાહોદ ઝાયડસ હોસ્પિટલમાં નવજાતના મૃત શરીરને ઝાયડસ હોસ્પિટલને દાન કર્યું



દાહોદ,
અંગ દાન એજ મહા દાનની પંક્તિને સાર્થક કરતી પંક્તિ દાહોદમાં જોવા મળી છે. દાહોદની ઝાયડસ હોસ્પિટલમાં આજરોજ એક નવજાત મૃત બાળકના સ્વજન દ્વારા મૃત બાળકના શરીરને ઝાયડસ હોસ્પિટલને દાન કરવામાં આવ્યું હતું. જાણવા મળ્યાં અનુસાર, મહિલાને બે દિવસ અગાઉ એક બાળકને જન્મ આપ્યો હતો અને બે દિવસ બાદ બાળકનું સારવાર દરમ્યાન મોત નીપજ્યું હતું. ત્યારે અંગ દાનથી સમજણ અને અંગ દાનથી પ્રેરણા મળતાં બાળકના સ્વજન દ્વારા પોતાના મૃત બાળકને ઝાયડસ હોસ્પિટલને સોંપવામાં આવ્યું હતું.

દાહોદ તાલુકાના વરોડ ગામના વતની સુનિલકુમાર રામજીભાઈ ડામોર તેઓ એસ.ટી. વિભાગ દેવગઢ બારીઆ બસ ડેપોમાં બસ કંડક્ટર તરીકે ફરજ બજાવે છે. સુનિલભાઈની પત્નિ સોનલબેનને બે દિવસ અગાઉ દાહોદની ઝાયડસ હોસ્પિટલમાં પ્રસુતિ થઈ હતી અને ઓપરેશનથી તેમને એક બાળકને જન્મ આપ્યો હતો. બાળકના જન્મ સમયે તેની સ્થિતી નાજુક જણાતાં બાળકને ઝાયડસ હોસ્પિટલ ખાતે સારવાર અપાતી હતી. ત્યારે ગતરોજ બાળકનું સારવાર દરમ્યાન મોત નીપજ્યું હતું. ત્યારે અંગ દાનથી પ્રેરણા મળતાં પિતા દ્વારા પોતાના બાળકને ઝાયડસ હોસ્પિટલને બાળકના મૃત શરીરને દાનમાં આપી દીધુ હતું. ઝાયડસ હોસ્પિટલ આ બાળકના મૃત શરીરને મેડીકલ કોલેજમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ માટે ઉપયોગમાં લેવામાં આવશે તેમ પણ જાણવા મળી રહ્યું છે અને આ બાળકના મૃતદેહને ઝાયડસના મેડીકલ કોલેજ ખાતે મોકલી આપ્યાં છે. બાળકના પિતાના જણાવ્યાં અનુસાર, અમો પોતાના મૃત બાળકને આમેય દફન કરી દઈશું પરંતુ વિજ્ઞાન માટે ઉપયોગ બને તે માટે અંગદાન અને દેહદાનનું મહત્વ સમજી પોતે પોતાના મૃત બાળકને ઝાયડસ હોસ્પિટલને આપવાનું નક્કી કર્યું હતું. બાળકને સારવાર દરમ્યાન બાળકને શ્વાસો શ્વાસમાં તકલીફ હતી. આ બનાવનો બાળકના સ્વજનનો મુખ્ય ઉદ્દેશ્ય એ હતો કે, ભવિષ્યમાં આવા કોઈ બાળકને તકલીફ થાય અને તેનાથી પ્રેરાઈ પોતાના બાળકને આ રીતે દેહદાન કરે તેવી પોતાની મહેચ્છા વ્યક્ત કરી હતી વધુમાં જાણવા મળ્યા અનુસાર, આ દંપતિને સંતાનમાં એક બાળક છે અને બીજુ બાળક હતું ત્યારે પોતાના નવજાત બાળક મોતને ભેટતાં તેઓએ દુઃખ પણ વ્યક્ત કર્યું હતું પરંતુ દેહદાનનું મહત્વ સમજી તેઓએ આ દેહદાનનું કાર્ય કરતાં ઝાયડસ હોસ્પિટલના સત્તાધીશોએ તેમની આ કામગીરી વધારી પણ લીધી હતી અને આશ્વાસન પણ આપ્યું હતું.

# દે.બારીયાના આંકલી ગામની પરણિતાને ત્રાસ આપતાં સાસરીયા વિરૂદ્ધ ફરિયાદ

દાહોદ,
દાહોદ જિલ્લાના દેવગઢ બારીઆ તાલુકાના આંકલી ગામે એક પરણિતાને તેના પતિ તથા સાસરીયાઓ દ્વારા શારિરીક અને માનસીક ત્રાસ આપતાં આવા અમાનુષી ત્રાસથી વાજે આવેલ પરણિતાએ પોલીસમાં ફરિયાદ નોંધાવ્યાંનું જાણવા મળે છે.

આંકલી ગામે ખેડા ફળિયામાં રહેતા પરણિતા રિન્કુબેન રાકેશભાઈ સલાટના લગ્ન ત્રણેક વર્ષ અગાઉ રાકેશભાઈ સબુરભાઈ સલાટ સાથે થયાં હતાં લગ્નના થોડા સમય સુધી પતિ તથા સાસરીયઓ દ્વારા પરણિતા રિન્કુબેનને સારૂ રાખ્યાં બાદ તેઓનું પોત પ્રકાશ્યું હતું અને તેના પતિ રાકેશભાઈ સબુરભાઈ સલાટ તેમજ સાસરીપક્ષના કનુભાઈ કનુભાઈ બકોરભાઈ સલાટ અને સુકલીબેન સબુરભાઈ સલાટનાઓએ પરણિતા રિન્કુબેનને ગત તા.૨૬મી મેના રોજ બેફામ ગાળો બોલી કહેવા લાગેલ કે, અમારે બીજી પત્નિ લાવવાની છે, તમે બે દિવસથી ક્યાં જતા રહ્યાં હતાં, તું બરાબર કામ કરતી નથી, આજે તો આને પુરી કરી નાંખો, તેમ કહી ત્રણેય જણા એકદમ ઉશ્કેરાઈ ગયાં હતાં અને પરણિતા રિન્કુબેનને ગડદાપાટ્ટુનો માર મારી શરીરે ઈજાઓ પહોંચાડી મારી નાંખવાની ધમકી આપતાં આ સંબંધે પરણિતાં રિન્કુબેન દ્વારા પોતાના પતિ તથા સાસરીયાઓ વિરૂદધ સાગટાળા પોલીસ મથકે ફરિયાદ નોંધાંવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# દે.બારીયા નગર પાલિકાના દ્વારા ટાઈમર લાઈટના પોલ અણઘડ ઉભા કરાતા ભારે વાહનોને અડચણરૂપ


તસ્વીર : મો.હુસૈન મકરાણી, દે.બારીઆ

દે.બારીયા,
દે.બારીયા નગર પાલિકાના દ્વારા ટાઈમર લાઈટોનો પોલ ઉભા કરવા માટે ખાનગી એજન્સીને આ કાર્ય કરવા માટે કોન્ટ્રાકટ અપાયો છે. આ કાર્ય શરૂ થયે ખાસ્સો સમય થવા આયો તેમ છતાં શહેરના મધ્ય અને વોર્ડ નં.૬ના કસ્બા વિસ્તારમાં આ ટાઈમર લાઈટોના પોલ ઉભા કરાયા નથી. જ્યારે ભે દરવાજા બહાર આ ટાઈમર લાઈટોના પોલ ઉભા કરવા માટે ફાઉન્ડેશનનું કાર્ય કરવામાં આવે છે. જે થાંભલા ઉભા કરવાના માટે ફાઉન્ડેશન આર.સી.સી.નું ભરવામાં આવે છે. તે હાઈવે રોડની ટચોટચ પોલ ઉભા થશે તો મોટા વાહનો અને ભારે વાહનો આ કિંમતી ટાઈમર પોલોને નુકશાની પહોંચાડી શકે છે. જેથી આ પોલ ઉભા કરવા માટે રોડના ડીવાઈડરના સાઈડના ઉપર ઉભા કરરાય તો નુકશાનીથી બચી શકે છે. જેથી લાગતા વળગતા નગર પાલિકાના વહિવટી કર્મીઓ તેમજ સી.ઓ. આ પોલને નુકશાન ના પહોંચે અને આમ જનતાના નાણાં ના વેડફાય તેવી તજવીજ હાથ ધરે અને આ ટાઈમર લાઈટના પોલ કસ્બા હુસૈની ચોક તેમજ કસ્બા સુન્ની મસ્જીદના પાસે સરકારના વિકાસનો લાભ મળે તેવી આમ જનતાની માંગ ઉઠવા પામી છે.

# ઝાલોદના રણીયાર ગામે બે બાઈકો વચ્ચે અકસ્માતમાં એક વ્યકિતનું મોત

દાહોદ,
દાહોદ જિલ્લાના ઝાલોદ તાલુકાના રણીયાર ઈનામી ગામે એક મોટરસાઈકલના ચાલકે અન્ય એક મોટરસાઈકલને સામેથી ધડાકાભેર અથડાવતાં મોટરસાઈકલ પર સવાર બે પૈકી એકનું સારવાર દરમ્યાન મોત નીપજ્યાંનું જાણવા મળે છે.

ગત તા.૨૬મી મેના રોજ સંજેલી તાલુકાના કરંબા ગામે તળ ફળિયામાં રહેતાં ધર્મેન્દ્રભાઈ તથા તેમની સાથે અશ્વિનભાઈ એમ બંન્ને જણા એક મોટરસાઈકલ પર સવાર થઈ ઝાલોદ તાલુકાના રણીયાર ઈનામી ગામેથી પસાર થઈ રહ્યાં હતાં ત્યારે સામેથી અન્ય એક મોટરસાઈકલના ચાલકે પોતાના કબજાની મોટરસાઈકલ પુરઝડપે અને ગફલત ભરી રીતે હંકારી લાવી ધર્મેન્દ્રભાઈની મોટરસાઈકલ સાથે ધડાકાભેર અથડાવતાં ધર્મેન્દ્રભાઈ અને અશ્વિનભાઈ મોટરસાઈકલ પરથી જમીન પર ફંગોળાયાં હતાં અને જેને પગલે બંન્નેને નજીકના દવાખાને સારવાર અર્થે ખસેડવામાં આવતાં સારવાર દરમ્યાન ધર્મેન્દ્રભાઈનું મોત નીપજતાં આ સંબંધે કરંબા ગામે ગળ ફળિયામાં રહેતાં કસુભાઈ ધનાભાઈ ખાંટે લીમડી પોલીસ મથકે ફરિયાદ નોંધાંવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# દાહોદ શ્રી રાધાકૃષ્ણ મંદિરનો ૨૫ મો પાટોત્સવ ઉજવાયો


તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,
મોઢ સમાજનું ગૌરવ અને એકતાના પ્રતિક સમાન શ્રી રાધાકૃષ્ણ મંદિરનો ૨૫મો પાટોત્સવ મોઢ સમાજ દ્વારા રાશ ગરબા, શોભાયાત્રા, વિષ્ણુ યજ્ઞ, ગણેશ પુજન, મહાઆરતી, અન્નકુટ દર્શન અને મહાપ્રસાદીનું આયોજનન કરી ઉત્સાહ ભક્તિમય માહોલ સાથે ઉજવણી કરી હતી.

દાહોદમાં હનુમાન બજાર સ્થિત શ્રી રાધાકૃષ્ણ મંદિરનો ૨૫મો પાટોત્સવનું આયોજન કરી બે દિવસ ઉજવણી કરવામાં આવી છે. જેમાં ૨૭મી મેના રોજ શોભાયાત્રા, પ્રિતિ ભોજન, રાસ ગરબાનું આયોજન કરવામાં આવ્યું હતું. તા.૨૮મી મેના રોજ ગણેશ પુજન, રાજોપચાર પુજા અને અભિષેક, વિષ્ણુ યજ્ઞ, પુર્ણાહુતિ તથા મહાઆરતી, અન્નકુટ દર્શન, મહાપ્રસાદી અને રાસ ગરબાનું આયોજન કરવામાં આવ્યું હતું.

દાહોદમાં આજે મોઢજ્ઞાતી સમાજ દ્વારા ૨૫ મો પાટોત્સવનું દાહોદના હનુમાન બજારમાં આવેલ શ્રી રાધા કૃષણ મંદિરના પ્રાંગણમા આયોજન કરવામાં આવ્યું હતું. પાટોત્સવના સુપ્રભાતે સુર્યના સોનેરી કિરણો અને સુગંધિત ખુશનુમાન આહલાદ વાતાવરણમાં જણે આજે આખું દાહોદ ભક્તિમય બની ભગવાન શ્રી રાધા કૃષ્ણની આરાધનામાં મગ્ન થઇ ગયુ હોય તેમ લાગી રહ્યું હતું. પ્રભાત્ત ઉત્સવમાં ભગવાન શ્રી રાધાકૃષ્ણની મહાઆરતી યોજાવામા આવી હતી અને પાટોત્સવની શરૂઆત વૈદિક મંત્રોચ્ચાર દ્વારા ભગવાનના સાનિધ્યમાં આયોજન કરવામાં આવ્યું હતું. સાંજના સમયે શોભાયાત્રા નિકાલવામાં આવી હતી. જે દાહોદ નગરના વિવિધ રાજમાર્ગ પર ફેરવવામાં આવી હતી. જેમાં બહુ મોટી સંખ્યામાં મોઢ સમાજના લોકો તેમજ દાહોદ નગરના ધર્મપ્રેમી લોકો જોડાયા હતા. શોભાયાત્રા બાદમાં ભોજન પ્રસાદી લીધી હતી અને રાત્રીના સમયે રાસ–ગરબાની રમઝટ બોલાવી હતી. આ ૨૫મા પાટોત્સવનું ભવ્ય આયોજન સમસ્ત મોઢ જ્ઞાતિના પ્રમુખ તથા ટ્રસ્ટી મંડળ દ્વારા કરવામાં આવ્યું હતું. મોઢ સમાજના ટ્રસ્ટી મંડળ દ્વારા મોઢ સમાજના લોકોને પોતાના ધંધો રોજગાર સંપૂર્ણ બંધ કરીને આ કાર્યક્રમ જોડાવા માટે અપીલ કરવામાં આવી હતી. શ્રી રાધા કૃષ્ણ મંદિરમાં અન્નકુટ પ્રસાદીનું આયોજન શ્રી રામ મહિલા મંડળ દ્વારા કરવામાં આવ્યું હતું.

# અખિલ ભારતીય સંત સમિતિ દ્વારા દાહોદ જિલ્લાના વિજાગઢ માં યોજાયું ધર્મ સંમેલન



દાહોદ,
દાહોદના વિજાગઢ ખાતે અલખધણી રામદેવજી મહારાજના મંદિરે મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠાના શુભ અવસરે વિશાળ સંખ્યામાં ધર્મ સંમેલન યોજાયું આ સંમેલનમાં અખિલ ભારતીય સંત સમિતિ પંચમહાલના ઘોઘંબાથી પૂજ્ય વિક્રમદાસ જી મહારાજ ઉપસ્થિત રહ્યા હતા. જેમણે ધર્મરક્ષા હિંદુ પરિવારની રક્ષા હિન્દુ નારી પોતાના માથે સિંદુર હાથમાં બંગડી અને હિન્દુ ચિન્હોનો ઉપયોગ કરતા શરમના અનુભવે કારણ મહારાણા પ્રતાપ અને શિવાજી જેવા દીકરાઓ પેદા કરવા પડશે કહી મોટી સંખ્યામાં ઉપસ્થિત દેવી શક્તિને અભિનંદન આપ્યા હતા. પૂજ્ય દયાનંદજી મહારાજ ઘોડાખાળ કંબોઈ અને અખિલ ભારતીય સંત સમિતિ દાહોદના માર્ગદર્શક જેમણે હિંદુ ધર્મ માટે સૌ સાધુ–સંતોએ એક મંચ પર ભેગા મળીને સમાજની દરેક સમસ્યા ના ઉકેલ માટે સક્રિય થવું પડશે એટલું જ નહીં ધર્મ અને રાષ્ટ્ર માટે પણ સંતોએ પોતાનું યોગદાન આપવું પડશે એમ કહી આજના કાર્યક્રમના આયોજકોને ખૂબ ખૂબ અભિનંદન આપ્યા હતા. આ કાર્યક્રમમાં પુ..ગંગારામજી મહારાજ પણ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. ગાંગરડી થી કિરણદાસજી મહારાજ ઉપસ્થિત રહ્યા હતા. પૂજ્ય બાપુ દલસુખદાસજી મહારાજે સૌ ભક્તો સાધુ સંતોને આહવાન કરતા રામદેવજી મહારાજ અને એમની ભક્તિનો મહિના દર્શાવ્યો હતો સાથે જ રણુજાધામ સંજેલી અને એમની સાથે જોડાયેલા મંદિરો અને અલખ ધણી રામદેવના ભક્તોને હિન્દુ સમાજની સેવા માટે આગળ આવવા માટે આહ્વાન કર્યું હતું આજના કાર્યક્રમમાં અખિલ ભારતીય સંત સમિતિ દાહોદ ના અદયક્ષ વિમલદાસજી મહારાજ પણ ઉપસ્થિત રહ્યા હતા. આજના કાર્યક્રમ મા સામાજિક તેમજ રાજકીય આગેવાનો ધમુભાઈ પંચાલ, અજીતદેવ પારગી, લલિતભાઈ ચેરમેન બાંધકામ સમિતી, પર્વતભાઈ ડામોર જીલ્લા સભ્ય, હિંમતભાઈ તડવીજી, બાલુભાઈ તા.સભ્ય અને વિજાગડના સરપંચ જાલુભાઈ પસાયા પણ ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

# દાહોદના રૂસ્તમપુરા-ભોઈવાડામાં પીવાનું પાણી દુર્ગંધવાળું આવતાં સ્થાનિકોમાં રોષ



દાહોદ,
દાહોદ શહેરના રૂસ્તમપુરાથી માંડી ભોઈવાડા વિસ્તારમાં છેલ્લા કેટલાંક દિવસોથી પીવાનું પાણી દુર્ગંધ મારતું પાણી આવતાં સ્થાનીકોમાં ભારે રોષ ફેલાવા પામ્યો છે. પાલિકાના સત્તાધીશોને આ મામલે રજુઆત પણ કરવામાં આવી હોવાનું જાણવા મળી રહ્યું છે.

સ્માર્ટ સીટી દાહોદમાં દિન પ્રતિદિન વિકાસના કામોમાં હરણફાળ ગતિએ કામગીરી થઈ રહી છે પરંતુ ઘણા એવા વિસ્તારો છે. ત્યા સુવિધાના નામે હાલ પણ મીંડુ છે. દાહોદ શહેરના ઘણા વિસ્તારોમાં સ્વચ્છતાનો અભાવ, જ્યાં જુઓ ત્યાં ગંદકી, પાણીની સમસ્યા વિગેરે જેવી અનેક સમસ્યાઓથી શહેરવાસીઓ હાલ પણ હેરાન પરેશાન છે ત્યારે દાહોદ શહેરના રૂસ્તમપુરાથી માંડી ભોઈવાડા વિસ્તારમાં પીવાના પાણીમાં દુર્ગંધ મારતું પાણી તેમજ ડોળુ પાણી આવતાં સ્થાનીકો પીવાના પાણી માટે ભારે વલખા મારી રહ્યાં છે. સ્થાનીકોમાં ભારે રોષ પણ જોવા મળી રહ્યું છે. દાહોદ વોર્ડ નંબર ૮ અને ૯માં વારંવાર પાલિકાના સત્તાધિશોને આ મામલે રજુઆત પણ કરવામાં આવી છે પરંતુ હાલ સુધી આ સમસ્યાનું કોઈ યોગ્ય નિરાકરણ આવ્યું નથી.

# દાહોદ જીલ્લામાં તા.૨૬/૬/૨૦૨૨ એ નેશનલ લોક અદાલત યોજાશે

દાહોદ,
જિલ્લાના રહેવાસીઓને તથા લાગતા–વળગતા તમામ લોકોને જણાવવામાં આવે છે કે, (૧) નામદાર રાષ્ટ્રીય સેવા સત્તા મંડળ ન્યુ દિલ્હી ના આદેશથી નામદાર ગુજરાત રાજ્ય કાનૂની સેવા સત્તા મંડળ ના માર્ગદર્શન હેઠળ દાહોદ ખાતે ચેરમેન અને પ્રિન્સીપાલ ડિસ્ટ્રીકટ સેશન્સ જજ દાહોદના અધ્યક્ષ સ્થાને તથા તાલુકા કક્ષાએ જેમાં ચેરમેન અને ષીમશ–ભશફહ મેજિસ્ટ્રેટ ના અધ્યક્ષ સ્થાને (૧)દેવગઢ બારીયા(૨) લીમખેડા (૩) ધાનપુર (૪) ગરબાડા (૫) સંજેલી (૬) ઝાલોદ (૭) ફતેપુરા કોર્ટમાં તારીખ ૨૬–૬– ૨૦૨૨ ને રવિવારના રોજ સવારના ૧૦:૩૦ કલાકે નેશનલ લોક અદાલત યોજાનાર છે. (૨) આ લોક અદાલતમાં દાહોદ જિલ્લાની તમામ કોર્ટમાં ચાલતા (૧)ક્રિમિનલ compoundable કેસો (૨)નેગોશિયેબલ એક્ટ ૧૩૮ અંગેના કેસો (૩)બેંક રિકવરી વળતરના કેસો (૪)વાહન અકસ્માત વળતર તથા દરખાસ્તોના કેસો (૫) કૌટુંબિક તથા લગ્નજીવનના કેસો (૬)શ્રમયોગી તકરારને લગતા કેસો (૭)જમીન સંપાદનના કેસો (૮)વિજળી તથા લાઈટ બિલ ના કેસો (ચોરી સિવાયના) (૯)દિવાની કેસો જેવા કે ભાડુઆત સંબંધિત, બેંક લેણાં તથા સિવિલ દરખાસ્તો કોર્ટમાં પેન્ડિંગ હોય તેવા કેસો લોક અદાલતમાં મૂકી પક્ષકારોની સંમતિથી સમાધાન થી ફેસલ કરી શકાશે. (૩) વધુમાં, ઉપરોક્ત જણાવેલ કેસોમાં લોક અદાલતના માદયમથી સમાધાન કરવાની ઈચ્છા ધરાવતા તમામ પક્ષકારોએ સંબંધિત કોર્ટનો સંપર્ક કરી તાત્કાલિક અરજી કરવી જેથી સામા પક્ષકરને નોટીસ કરી હાજર રખાવી સમાધાનથી કેસ પૂરો કરી શકાય. (૪) પ્રિ લિટીગેશન કેસો તથા પેન્ડિંગ કેસો જે દાહોદ જિલ્લા ન્યાયાલયમાં તથા તાલુકા ન્યાયાલયના કાર્યક્ષેત્રમાં હોય ત્યાં આપે અથવા આપના વકીલ એ સંબંધિત કોર્ટમાં આપના કેસ તારીખ ૨૬ –૬ –૨૦૨૨ ને રવિવારના રોજ આયોજિત ‘‘રાષ્ટ્રીય લોક અદાલત’’ માં મુકવા સંપર્ક કરી શકો છો. (૫) લોક અદાલતમાં કેસોનો ઝડપી નિકાલ આવે છે અને વળતર અરજી ના કિસ્સામાં અરજદારને વળતરના નાણાં ઝડપી મળે છે. આ લોક અદાલતનો મહત્તમ લાભ લેવા અને આ લોક અદાલતમાં તમામ પ્રકારના સમાધાનપાત્ર કેસો મુકવા માટે દાહોદ જિલ્લાના દરેક વિદ્વાન વકીલઓને તથા નાગરિકોને અનુરોધ કરવામાં આવે છે.

# ઝાલોદના ડુંગરી ગામની પરણિતાએ કુવામાં પડી મોતને વ્હાલુ કર્યું

દાહોદ,
દાહોદ જિલ્લાના ઝાલોદ તાલુકાના ડુંગરી ગામે પિયરમાં આવેલ પરણિતાએ ગામમાં આવેલ એક કુવામાં મોતનો ભુસકો મારતાં પરણિતાનું મોત નીપજયાંનું જાણવા મળે છે. ગત તા.૨૮મી મેના રોજ રવિનાબેન સુનીલભાઈ મકવાણા પોતાના પિયર ડુંગરી ગામે આવી હતી. ત્યારે વહેલી સવારના ૬ વાગ્યાના આસપાસ રવિનાબેને અગમ્યકારણોસર ગામમાં આવેલ એક કુવામાં ભુસકો મારતાં કુવાના ઉંડા પાણીમાં રવિનાબેન ડુબી જતાં અને મોતને ભેટતાં પરિવારજનોમાં માતમ છવાઈ ગયો હતો. ઘટનાને પગલે સ્થળ પર લોકટોળા ઉમટી પડચાં હતાં. ઘટનાની જાણ સ્થાનીક પોલીસને કરવામાં આવતાં પોલીસ પણ તાત્કાલિક ઘટના સ્થળે દોડી આવી હતી અને મૃતક પરણિતા રવિનાબેનના મૃતદેહને કુવામાંથી બહાર કાઢી નજીકના દવાખાને પી.એમ. માટે રવાના કરી દેવામાં આવ્યાં હતાં. આ સંબંધે ઝાલોદ તાલુકાના ડુંગરી ગામે તળ ફળિયામાં રહેતાં સુમિત્રાબેન ભલજીભાઈ નીનામાએ લીમડી પોલીસ મથકે જાણ કરતાં પોલીસે અકસ્માત મોતના ગુનાના કાગળો કરી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# નડિયાદના રંગ પરિવારે ગરબાડા રંગ મંદિરની મુલાકાત લીધી


તસ્વીર : વિપુલ જોષી, ગરબાડા

ગરબાડા,
તારીખ ૨૯ મીના રવિવારના સવારના નવ કલાકે નડિયાદના રંગ પરિવારના ૩૫ થી ૪૦ જેટલા રંગ ભક્તો લક્ઝરી બસ દ્વારા ગરબાડા રંગ મંદિરની મુલાકાતે આવ્યા હતા. સૌપ્રથમ તેઓએ કષ્ટભંજન હનુમાનજીના દર્શન કર્યા હતા અને ત્યારબાદ બાપજી ના મંદિરે દર્શન કરી ધુન ભજન બાવની અને રંગ અડતાલીસાના પાઠ કર્યા હતા. ગરબાડા રંગ પરિવાર દ્વારા તેમનું ભાવભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું અને બપોરના ૧૨ કલાકે આરતી બાદ ભોજન પ્રસાદનું આયોજન પણ કરવામાં આવ્યું હતું. ગરબાડા રંગ પરિવારના વડીલો દ્વારા બાપજી ગરબાડા ક્યારે અને કઈ રીતે આવ્યા હતા તે બાબતની ચર્ચા પણ કરવામાં આવી હતી. નડિયાદના રંગ ભક્તોએ ગરબાડા રંગ મંદિરની મુલાકાત લીધી હતી.

# ઝાલોદ નગરમાં ફોર વ્હીલર ગાડી માંથી લેપટોપ અને ફોન વાળી બે બેગોની ચોરી કરી જતાં ગઠીયા

દાહોદ,
દાહોદ જિલ્લાના ઝાલોદ નગરમાંથી એક ફોર વ્હીલર ગાડીમાંથી કોઈ અજાણ્યા ઈસમે પોતાનો કસબ અજમાવી ગાડીમાંથી બે બેગો જેમાં લેપટોપ, મોબાઈલ ફોન વિગેરે ચોરી કરી લઈ નાસી જતાં પોલીસમાં ફરિયાદ નોંધાંવવા પામી છે. ગત તા.૨૪મી મેના રોજ પંચમહાલ જિલ્લાના કાલોલ તાલુકામાં હરીનગર સોસાયટીમાં રહેતાં મયુરસિંહ અતુલસિંહ ખેર તથા તેમની સાથે અન્ય વ્યક્તિઓ એક ફોર વ્હીલર ગાડીમાં સવાર થઈ દાહોદ જિલ્લાના ઝાલોદ નગર ખાતે અંબુજા કંપનીના સિમેન્ટના ડિલરોને મળવા માટે આવ્યાં હતાં અને પોતાની ફોર વ્હીલર ઝાલોદ નગરમાં આવેલ જલારામ પરોઢા હાઉસની આગળ મુકી હતી. તે સમયે કોઈ અજાણ્યા ચોર ઈસમોએ પોતાનો કસબ અજમાવી મયુરસિંહ તથા તેમની સાથેના માણસોની નજર ચુકવી ગાડીમાં મુકી રાખેલ બે બેગો જેમાં લેપટોપ, મોબાઈલ ફોન વિગેરેની બંન્ને બેગોની ચોરી કરી લઈ નાસી જતાં આ સંબંધે મયુરસિંહ અતુલસિંહ ખેર દ્વારા ઝાલોદ પોલીસ મથકે ફરિયાદ નોંધાંવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 25, No.235

# પંચમહાલ આવૃત્તિ

ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

પંચમહાલ સમાચાર

## ગોધરા ખાતે પંચમહાલ ડેરી અને જિલ્લા સહકારી બેંકના

# પાંચ પ્રકલ્પોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરતાં કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી અમિતભાઈ શાહ

### વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના કુશળ નેતૃત્વમાં દેશમાં આગામી પાંચ વર્ષમાં સહકારી પ્રવૃત્તિ વ્યાપક થશે : કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી

- કેન્દ્ર સરકાર સહકારી પ્રવૃત્તિને વેગ મળે એ માટે અનેક પ્રકારના કાયદાકીય સુધારા લાવી રહી છે, વધુ ક્ષેત્રોને જોડાશે.
- દેશભરની તમામ સહકારી મંડળીનું રૂ.૬૫૦૦ કરોડના ખર્ચથી કોમ્પ્યુટરાઈઝેશન કરીને નાબાર્ડ સાથે જોડવામાં આવશે.
- અમૂલ ડેરી દ્વારા એક સો જિલ્લામાં પ્રાકૃતિક ખેત ઉત્પાદનોને પ્રમાણિત કરવા લેબોરેટરીની સ્થાપના કરાશે : મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ.
- અસહકારની લડતની આગેવાની લેનારૂં ગુજરાત આજે સહકારી ક્ષેત્રમાં પણ આગેવાની લઈ રહ્યું છે.
- સૌના સાથ સૌના વિકાસનો અને આત્મનિર્ભર ભારતનો મંત્ર આજે સહકાર થી સમૃદ્ધિના મંત્ર દ્વારા દૂધ સહકારિતાનો નવો યુગ શરૂ થયો છે.






ગોધરા,

કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિતભાઇ શાહે દ્રઢ વિશ્વાસ વ્યકત કર્યો છે કે, વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીના કુશળ નેતૃત્વમાં દેશમાં આગામી પાંચ વર્ષમાં સહકારી પ્રવૃત્તિ વ્યાપક થશે. કેન્દ્ર સરકાર સહકારી પ્રવૃત્તિને વેગ મળે એ માટે અનેક પ્રકારના કાયદાકીય સુધારા લાવી રહી છે. દેશના ખેડૂતો અને દૂધઉત્પાદકોનું કલ્યાણ થાય એ માટે કેન્દ્ર સરકાર દ્વારા નાણાંકીય જોગવાઇઓ વધારીને અનેક યોજનાઓ અમલમાં મૂકી છે.

ઉક્ત બાબતની ભૂમિકા આપતા અમિત શાહે જણાવ્યું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્વમાં કેન્દ્ર સરકારે પશુપાલન વિભાગના બજેટમાં રૂ. ૨ હજાર કરોડની વધારીને રૂ. ૭ હજાર કરોડ કર્યું છે. તેની સાથે દેશની ગાયોના સંવર્ધન અને સંરક્ષણ માટે રાષ્ટ્રીય ગોકુલમ મિશન ઉપરાંત ઘાચચારા સંચંત્રચણ વિકાસ માટે ૨૫ ટકાની ક્રેડિટ આપવાનો નિર્ણય લીધો છે. કેન્દ્રીય સહકાર મંત્રી અમિત શાહ,મુખ્ય મંત્રી ભુપેન્દ્રભાઈ પટેલની ઉપસ્થિતિમાં ગોધરા ખાતે પંચમહાલ જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી. (પંચામૃત ડેરી) ના ૩૦ ઘન મીટર પ્રતિ કલાકની ક્ષમતા વાળા ઓકિસજન પ્લાન્ટ અને તાડવામાં ૪૭૦૦ મેટ્રિક ટનની ક્ષમતાવાળા પંચામૃત બટર કોલ્ડ સ્ટોરેજ અને પંચામૃત ડેરી દ્વારા દૈનિક ત્રણ લાખ લીટર દૂધ પ્રોસેસિંગ ક્ષમતાના મહારાષ્ટ્રમાં નિર્માણ થયેલ માલેગાંવ પ્લાન્ટનું ઈ–લોકાર્પણ તથા પંચામૃત ડેરી દ્વારા મધ્ય પ્રદેશના ઉજ્જૈનમાં દૈનિક પાંચ લાખ લીટર દૂધ પ્રોસેસિંગ ક્ષમતાના સ્થાપનાર પ્લાન્ટનું ઈ–ખાતમુહૂર્ત કર્યું હતું. તેમણે પંચામૃત ડેરીના સુવર્ણજયંતી લોગોનું અનાવરણ કરવા સાથે પંચમહાલ ડિસ્ટ્રિક્ટ કો.ઓ.બેન્કના નૂતન ભવનનું લોકાર્પણ પણ કર્યું હતું. મંત્રીએ પંચમહાલ બેંક દ્વારા શરૂ કરવામાં આવેલ મોબાઈલ એ.ટી.એમ વાનને લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવ્યું હતું. મંત્રીએ શ્રેષ્ઠ દૂધ મંડળીઓ અને દૂધ ઉત્પાદકોને પુરસ્કાર વિતરણ કરવા સાથે પ્રાથમિક કૃષિ સહકારી મંડળીઓને પણ એવોર્ડનું વિતરણ કર્યું હતું.

અમિત શાહે કહ્યું કે, આગામી સમયમાં દેશમાં સહકારી ક્ષેત્રે ક્રાંતિ આવશે. સહકારી પ્રવૃત્તિમાં અનેક નવા ક્ષેત્રો જોડવા માટે કેન્દ્ર દ્વારા ડેટા બેંક ઉભી કરવામાં આવી રહી છે. એટલું જ નહીં, પ્રાયમરી એગ્રીકલ્ચર કોઓપરેટિવ સોસાયટી (પેક્સ)ની સંખ્યા ત્રણ ગણી કરવા કાયદાકીય સુધારા પણ વિચારણા હેઠળ છે. ગુજરાત સહિત સમગ્ર દેશના સહકારી માળખાને રાહત આપે એવા અનેક નિર્ણય વડાપ્રધાનએ લીધા છે, તેનો ઉલેખ કરતા શાહે ઉમેર્યું કે, સહકારી ખાંડસરી ઉપર ભાવ ફેર અંગે લગાવવામાં આવતો અનોમલી ચાર્જ નાબૂદ કરવામાં આવ્યો છે. જેનાથી શેરડીનું ઉત્પાદન કરતા ખેડૂતોને ફાયદો થયો છે. એ જ રીતે સહકારી ક્ષેત્ર પરના સરચાર્જને ૧૨ ટકાથી ઘટાડીને ૭ ટકા કરવામાં આવ્યો છે. આ ટેક્સ કોર્પોરેટની સમકક્ષ કરવામાં આવ્યો છે. આ ઉપરાંત સહકારિતા પર ૧૮.૫ ટકા વેટ હતો, તે ઘટાડીને ૧૫ ટકા કરવામાં આવ્યો છે.

દેશને ગૌરવ થાય એવી સહકારી પ્રવૃત્તિ ગુજરાતમાં થઇ રહી છે, એમ જણાવતા શાહે કહ્યું કે, વિદેશના મહાનુભવોને અમે એક કહીએ કે ગુજરાતની અમૂલ ડેરી દ્વારા રૂ. ૬૦ હજાર કરોડનું વાર્ષિક ટર્ન ઓવર થાય છે, ત્યારે તેઓ આશ્ચર્યચકિત થઇ જાય છે. આ માત્ર સહકારના માધ્યમથી જ શક્ય બન્યું છે. એક મહત્વપૂર્ણ વાત કરતા કેન્દ્રીય સહકારિતા મંત્રી શાહે જણાવ્યું કે, દેશભરની તમામ સહકારી મંડળીનું રૂ. ૬૫૦૦ કરોડના ખર્ચથી કોમ્પ્યુટરાઈઝેશન કરીને નાબાર્ડ સાથે જોડવામાં આવશે. સહકારી પ્રવૃત્તિ માટે આ કદમ ક્રાંતિકારી સાબિત થશે. તેમણે એમ પણ કહ્યું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદી સતત સહકારી પ્રવૃત્તિને પ્રોત્સાહન આપી રહ્યા છે. અત્યાર સુધી કેન્દ્રમાં સહકારી પ્રવૃત્તિને અવગણવામાં આવતી હતી. પણ, વડાપ્રધાનએ કેન્દ્રમાં અલાયદું સહકાર મંત્રાલય બનાવ્યું છે અને તેના બજેટમાં સાત ગણો વધારો કર્યો છે.

અમિતભાઈ શાહે જણાવ્યું કે, એક સમયે પંચમહાલ જિલ્લા સહકારી બેંક બેસી જવાની અણી ઉપર હતી. રિઝર્વ બેંક દ્વારા તેના ઉપર નિયંત્રણો પણ લાદવામાં આવ્યા હતા. તેનો વહીવટ સ્ટેટ કોઓપરેટિવ બેંક દ્વારા સંભાળવામાં આવ્યો હતો. હું એ વખતે સ્ટેટ કોઓપરેટિવ બેંકમાં ડિરેક્ટર હતો. ત્યારે, અમે નિર્ણય કર્યો હતો કે ગુજરાતની એક પણ જિલ્લા સહકારી બેંકને નબળી પડવા દેવી નથી. તેનું પરિણામે આજે જોવા મળે છે. પંચમહાલ બેંક આજે નફો કરતી થઇ ગઇ છે.

પંચમહાલ, દાહોદ અને મહિસાગર જેવા આદિવાસી વિસ્તારોમાં દૂધ ઉત્પાદન પ્રવૃત્તિ અર્થોપાર્જન માટે અગત્યની છે. અનેક આદિવાસી પરિવારો પશુપાલન પ્રવૃત્તિ સાથે જોડાયેલા છે. તેવા સમયે પંચામૃત ડેરી આદિવાસી પરિવારો માટે આર્થિક પવૃત્તિનું કેન્દ્ર બન્યું છે. આ ડેરી પણ તેની સ્થાપનાના ૫૦ વર્ષ મનાવી રહી છે. તેની પ્રવૃત્તિ પણ ગુજરાતની સરહદો ઓળંગી ગઇ છે. આજે તેની સાથે ૧૫૭૮ દૂધ મંડળીઓના ૭૩ હજાર દૂધ ઉત્પાદકો જોડાયેલા છે. ઉપરાંત, પ્રતિદિન ૧૮ લાખ લિટર દૂધ એકત્રીકરણ કરી રૂ. ૩૦૦ કરોડનું ટર્નઓવર કરતી થઇ છે. ખેડૂતોને પ્રાકૃતિક અપનાવવાનું આહ્વાન કરતા શાહે કહ્યું કે, રાસાયણિક ખાતરોથી જળ, જમીન અને આરોગ્યને નુકસાન થાય છે. તેથી કેન્દ્ર સરકાર દ્વારા પ્રાકૃતિક ખેતીને પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું છે. આ દિશામાં એક કદમ આગળ વધતા અમૂલ ડેરીએ ઓર્ગેનિક ઘઉંનો લોટ બજારમાં મૂક્યો છે. તે અન્ય ઉત્પાદનો પણ વેચાણમાં લાવશે. સાથે, અમૂલ ડેરી દ્વારા એક સો જિલ્લામાં પ્રાકૃતિક ખેત ઉત્પાદનોને પ્રમાણિત કરવા લેબોરેટરીની સ્થાપના કરાશે, તેમ તેમણે અંતે કહ્યું હતું.

> જેઠાભાઈ આહિરે ઉમેર્યું કે,આત્મ નિર્ભર ગુજરાત દ્વારા આત્મ નિર્ભર ભારતના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી સ્વપનને આત્મ નિર્ભર ગામડાઓ દ્વારા પંચમહાલ ડેરી સાકાર કરશે.એટલુ જ નહિ વડાપ્રધાનના પાંચ ટ્રિલિયન અર્થતંત્ર બનાવવાના સંકલ્પમાં સહકાર ક્ષેત્ર મહત્વનું યોગદાન આપશે.

> પંચામૃત ડેરીમાં દુધ ભરતા પશુપાલકો માટે આજરોજ અમિત શાહની હાજરીમાં પંચામૃત ડેરી દ્વારા ભેંસના દુધમાં પ્રતિ કિલો ફેટમાં રૂપીયા ૩૦ નો વધારો જ્યારે ગાયના દુધમાં પ્રતિ કિલો રૂપીયા ૨૦નો વધારો કરવામાં આવતાં પશુપાલકોમાં આનંદ જોવા મળ્યો.

> પંચામૃત ડેરીના ચેરમેન અને ગુજરાત વિધાનસભાના ઉપાધ્યક્ષ જેઠાભાઈ આહિરે જણાવ્યું કે,પંચમહાલ જિલ્લા સહકારી બેંકને પુનઃ શરૂ કરવા માટે કેન્દ્રિય સહકાર મંત્રી અમિતભાઈ શાહનો પ્રશસ્ય સહયોગ સાંપડ્યો છે.પશુપાલન દ્વારા ખેડૂતોની આવક બમણી થાય તે દિશામાં ડેરી દ્વારા ઘનિષ્ઠ પ્રયાસો કરવામાં આવી રહ્યા છે.ડેરી દ્વારા દૈનિક ૨૦ લાખ લીટર દૂધ સંપાદન કરવામાં આવી રહ્યું છે.ડેરીનું વાર્ષિક ટર્ન ઓવર રૂ.૩૨૦૦ કરોડ પર પહોંચ્યું છે. જે ડેરીના સુવર્ણ જયંતિ અવસરે રૂ.૪૦૦૦ કરોડ સુધી લઈ જવાશે. પંચમહાલ જિલ્લા સહકારી બેંકની શાખાઓ ૪૨ થી વધારી ૧૦૦ સુધી લઈ જવામાં આવશે તેમ તેમણે ઉમેર્યું હતું.

## ગોધરા કોટડા ગામે હાઈવે રોડ ઉપર ટ્રક માંથી ૩૪.૪૪ લાખના પોસ ડોડા સાથે બે ઈસમો ઝડપાયા



ગોધરા,

ગોધરા એસ.ઓ.જી. પોલીસે બાતમીના આધારે દાહોદ–અમદાવાદ બાયપાસ રોડ ઉપર કોટડા પાસે નાકાબંધી કરી હતી. બાતમીવાળી ટ્રકને રોકી ચેકીંગ કરતાં પોસ ડોડાની ગુણ નંગ–૫૪ કિંમત ૩૪,૪૪,૨૧૦/– મળી ૪૬,૬૩,૯૮૦/–રૂપીયાના મુદ્દામાલ સાથે બે ઈસમોને ઝડપી પાડવામાં આવ્યા. પ્રાપ્ત વિગતો પ્રમાણે ગોધરા રીડર શાખાને બાતમી મળી હતી કે, દાહોદ તરફ થી ટ્રક નંબર એમ.એચ.૧૮.એસી.૧૬૧૧માં નાર્કોટીકસ મુદ્દામાલ પોસના ડોડા ભરીને બાયપાસ હાઈવે ઉપર રહીને અમદાવાદ તરફ જનાર છે. તેવી બાતમીના આધારે એસ.ઓ.જી. પોલીસે બાયપાસ હાઈવે કોટડા પાસે નાકાબંધી કરી હતી અને બાતમીવાળી ટ્રકને ઉભી રાખી ચેકીંગ હાથ ધર્યું હતું. ચેકીંગ દરમ્યાન ટ્રક માંથી પોસના ડોડાની ગુણ નંગ–૫૪ વજન ૧૧૪૮.૦૦ કિલો કિંમત ૩૪,૪૪,૨૧૦/–રૂપીયા તથા ઘઉંની ગુણ નંગ–૨૭૦ કિંમત ૨,૧૬,૦૦૦/–રૂપીયા ટ્રક મળી મોબાઈલ ફોન, તાડપત્રી રોકડા ૨૭૦/–રૂપીયા મળી કુલ ૪૬,૬૩,૦૮૦/–રૂપીયાના મુદ્દામાલ સાથે કાસબરામ બાબુરામ ભંગુ રહે. ગુડા બિશ્નોઈયાન તા.લુની, જી. જોધપુર, રાજસ્થાન, દિલીપ જવતારામ બિયર રહે. મોગરાકલા, રાજસ્થાનને ઝડપી પાડવામાં આવ્યા.

## ગોધરા-વેજલપુર રોડ યુનિક એજયુકેશન ટ્રસ્ટ દ્વારા ફ્રી મેડીકલ કેમ્પનું આયોજન કરાયું

ગોધરા,

ગોધરા સ્થિત વેજલપુર રોડ યુનિક એજ્યુકેશન એન્ડ ચેરિટેબલ ટ્રસ્ટ અને આર્શીવાદ હોસ્પિટલ બરોડાના સંયુક્ત ઉપક્રમે ઘૂંટણ, થાપા, પેટ, અંતરડા, ડાયાબીટીશ, થાયરોઈડઅને હૃદયરોગનો ફ્રી ચેકઅપ અને રાહત દરે ઓપરેશન કેમ્પ નુ આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પ વડોદરાના ડૉ નીલ શાહ,ડૉ રજત ગુસાની ડૉ. રવિ પટેલ, ડૉ. ફૈસલ દુદ્દી, અને ડૉ. મેહમુદાએ સેવા આપી હતી. આજની કારમી મોંઘવારી ઘર ચલાવવા ગરીબ અને માધ્યમ વર્ગ લોકો માટે કપરૂં બની ગયેલ છે. જેથી પગના ઘૂંટણ દર્દ થાપા જેવા દર્દો માટે સર્જનોની ફી ખર્ચ ઉઠાવવો મુશ્કિલ બની છે અને ગંભીર રોગોમાં પણ એન્ટી બાયતિક દવાઓ ઉપયોગ કરી ગંભીર બીમારીઓ આડ અસરો ના ભોગ બને છે. આંતરિયાર વિસ્તારોમાં આવા મેડિકલ કેમ્પો આશીર્વાદ રૂપ સાબિત થાય છે. આ મેડિકલ કેમ્પ ને સફર બનાવવા અને સદર વિસ્તારના દુઃખ દર્દથી પીડાતા દર્દીઓ ને ઝાણ કરી કેમ્પ નો લાભ લેવા ભારે જહેમત યુનિક ટ્રસ્ટના પ્રમુખ મોલાના સોયેબ ચીમાજી, કાસીમ આલમ, ઈકબાલ કાલુ, ઈદ્રીશ દુર્વેશ અબ્દુલ રજાક સમોલ, અનસ પઠાણ, તાહિર ભટુક, વગેરે કેમ્પ ને સફર બનાવવા જેહમત ઉઠાવી હતી.

## પંચમહાલ ગોધરામાં બોગસ ખેડુતોની ગેરરીતિઓની તપાસ કરી

# સાંઠગાંઠ ધરાવતા અધિકારી-કર્મચારીઓ સામે ખાતાકીય તપાસ કાર્યવાહી માટે જીલ્લા કલેકટર પાસે દરખાસ્ત રજુ કરાવાશે?

ગોધરા,

ગુજરાત સરકાર કાયદા તથા મહેસુલ મંત્રી રાજેન્દ્ર ત્રિવેદી કાયદાકીય સખ્ત થી સખ્ત સુચનાઓ દ્વારા પંચમહાલ તાલુકા ગોધરા શહેર ગ્રામ્ય વિભાગના કેટલાક ભુમાફિયા બોગસ ખેડુતો બની નામી–અનામી મિલ્કતો એકબીજાના નામોથી ખરીદી કરી ખુબજ મોટા પ્રમાણમાં જીલ્લા કલેકટર પંચમહાલ ગોધરાના કર્મચારીઓ, અધિકારીઓ દ્વારા રેવન્યુ રેકર્ડની કોઈપણ નોંધો તપાસ કર્યા વગર મુળ ખેડુત ખાતેદારો ના હોવા છતાં નામી– અનામી મિલ્કતો એકબીજાના મેળાપીપણામાં ખોટી રીતે સરકાર ચોરી તથા અન્ય પ્રકારના કિસ્સાઓ જોવા મળે છે પરંતુ જીલ્લા કલેકટર પંચમહાલની સરકારની જમીનોમાં સરકારના હિતને પોતાના કર્મચારીઓ, અધિકારીઓના ખોટા અભિપ્રાયો થી જમીનો (૧)એન.એ., (૨) સુધારા હુકમો, (૩) જુની શરતો, (૪) કસ્ટોડિયન મિલ્કતો, (૫) ૭૩ એ.એ.વાળી જમીનો, (૬) ગધા કલમ–૪૩ વાળી જમીનો (૭) એન.એ.ની મિલ્કતો વિગેરે નિયમોની જમીનો બાબતે પંચમહાલ જીલ્લા કલેકટરના કર્મચારીઓ, અધિકારીઓ દ્વારા કોઈપણ જાતની સરકારની કે જાહેરાતો વિગેરે પ્રક્રિયાઓ કરી કરાવવામાં આવતી નથી. તેમજ નોંધ મંજુર કરનાર સર્કલ ઓફિસરો દ્વારા પુરેપુરી ચકાસણી કરી કરાવવામાં આવતી નથી. અમુક લાંચ રૂશ્વતો લઈ મોટા પ્રમાણમાં ખોટા દસ્તાવેજો કરી કરાવી નોંધ રેવન્યુ રેકર્ડ તપાસીયા વગર મંજુર કરી કરાવવામાં આવે છે અને ગરીબ પ્રજાની નોંધો નામંજુર થાય તેવો કેટલા તકરારી કેસો પંચમહાલ ગોધરા પ્રાંત અને નાયબ કલેકટરના કર્મચારીઓ દ્વારા પ્રાંત ગોધરાનું ધ્યાન દોરીયા વગર કેટલા કેસો દબાવી મુકેલ છે.

આમ, ગોધરા પ્રાંત અને નાયબ કલેકટર ગોધરા દ્વારા કેટલાક હુકમ સરકારના કાયદા તથા પરિપત્રો ઠરાવો તથા ભારત સરકારના ગેઝેટો વિરૂદ્ધ પણ કર્મચારીઓ દ્વારા મુખ્ય અધિકારીનું ધ્યાન દોરીયા વગર ખોટા તકરારી કેસો તથા આર.ટી.એસ. અપીલોમાં અરજદારોના જવાબોનો કર્મચારીઓ દ્વારા પુરાવા નહી તાકી ખોટા ખોટા પ્રાંત અને નાયબ કલેકટર ગોધરા દ્વારા હુકમો કરી કરાવવામાં આવે છે અને આવી કેટલીક ન્યાયિક પ્રક્રિયા વગરના ભારતના નાગરિકોનો હકક છીનવાય તેવી ગુજરાત સરકાર ગાંધીનગર મુખ્યમંત્રી, મહેસુલ મંત્રી, તકેદારી આયોગ, મહેસુલ તપાસણી સામાન્ય વિભાગ વિગેરે.....વિગેરે વિભાગોમાં રેકર્ડ ગેરરીતિઓ કરેલની અરજીઓ બિડાણ સહિત કરતા હોય તેવું અવરનવર સમાચારો દૈનિક પ્રસાર થાય છે. જે બાબત આવી ટીકા ટીપ્પણી અગાઉ ગુજરાત સરકાર દ્વારા મહેસુલી વિભાગમાં રજુઆતો થયેલ છે અને હાલના મંત્રી મહેસુલ મંત્રી રાજેન્દ્ર ત્રિવેદીના શુભ પગલા પડવાથી તમામ ગુજરાત સરકારના તમામ કર્મચારીઓ, અધિકારીઓને અવરનવર ભારપૂર્વક સુચનાઓ તથા રૂબરૂ ગરીબ પ્રજાની મુલાકાતો તેમજ મહેસુલી કર્મચારીઓ, અધિકારીઓ સખ્ત સુચનાઓ પણ આપવામાં આવે છે અને ગુજરાત રાજ્ય સરકાર જુના આદેશો અનુસાર તકેદારી પ્રશ્નો તથા અન્ય પ્રકારની તમામ અરજીઓ તથા સરકારી કર્મચારીઓ, અધિકારીઓએ ગુજરાત તકેદારી સેલ તથા મંત્રી પ્રશ્નો સેલના આદેશો આપેલ ખોટા રેફરન્સો ના થાય તેવી પણ સુચનાઓ પંચમહાલ જીલ્લા કલેકટર ગોધરાને જરૂરી યોગ્ય કરવા તથા અનેક પ્રકારની સમીક્ષા વિગેરે કોન્ફરન્સો કરવામાં આવેલની મીડીયા દ્વારા જાણવા મળેલ છે. તેમજ પંચમહાલ જીલ્લાના ભુમાફિયાઓ દ્વારા બિનખેડુતોની જરૂરી તપાસ થાય તેવી રજુઆતો ગુજરાત સરકારમાં થયેલી હોય તેવું પણ અને ચર્ચાઓ ગોધરા શહેર મામલતદાર તથા ગ્રામ્ય વિભાગ ગોધરા મામલતદાર સીટી સર્વે ઓફિસ પ્રાંત અધિકારીની ઓફિસ કલેકટર પંચમહાલની ઓફિસોમાં ખુબ જ મોટા પ્રમાણે બિનખેડુતોની ચર્ચાઓ થતી હોય તેવું પણ નાગરિકો દ્વારા જાણવા મળેલ છે.

મંત્રી રાજેન્દ્ર ત્રિવેદી દ્વારા મહેસુલ વિભાગની ટીમો તથા બિનખેડુતો દસ્તાવેજોની ચકાસણી દરમિયાન સામુહિક બોગસ ખેડુત પકડાયા હોય તેવી ઘટના ખેડા, માતરમાં ૫૦૦ થી વધુ બોગસ ખેડુત ખાતેદારોના કૌભાંડ બહાર આવેલ બાબતે મંત્રી રાજેન્દ્ર ત્રિવેદી મહેસુલ વિભાગ બોગસ ખેડુતોને શોધવાના તથા જીલ્લા કલેકટરના તમામ મહેસુલી કર્મચારીઓ, અધિકારીઓ દ્વારા બોગસ ખેડુતો બનાવેલ કયા કયા ભ્રષ્ટ સરકારી અધિકારીઓની મુખ્ય ભુમિકા રહી છે. તેની તપાસ પંચમહાલ જીલ્લા ગોધરા તાલુકા ગોધરાની તપાસ કરી કરાવવામાં આવે તો અને બોગસ ખેડુત ખાતેદારો બનાવવાના કૌભાંડોમાં સામેલ ભ્રષ્ટ અધિકારીઓ સામે કડક થી કડક પગલાં લેવામાં આવે તો અને તેમના ઉપર યોગ્ય ખાતાકીય તપાસ તાત્કાલીક થાય તેવી ગુજરાત સરકારમાં અલગ અલગ પ્રકારની જીલ્લા કલેકટરો તથા પ્રાંત અધિકારીઓ તથા મામલતદારો, તલાટીઓ, તકેદારી આયોગના ખોટા રીપોટો ના થાય તેવા પણ રાજ્ય સરકારે આદેશો આપેલ છે અને ખેડા માતરમાં ૫૦૦ બોગસ ખેડુતો અને ભ્રષ્ટ અધિકારીઓના પ્રકરણ બહાર આવેલ પરંતુ જો પંચમહાલ જીલ્લા કલેકટર શહેર તથા તાલુકા ગોધરાની બિનખેડુતની ચકાસણી કરવામાં આવે તો ટોચ મર્યાદા બહારના બોગસ ખેડુતો ખેડા માતર કરતા વધુમાં વધુ મળી આવે તેમ છે. જેથી મહેસુલ મંત્રી તથા મંત્રીના મહેસુલી કર્મચારીઓ, અધિકારીઓ ગાંધીનગર ગુજરાત રાજ્ય સરકારની પંચમહાલ ગોધરા બોગસ ખેડુતોને શોધી તેઓની તમામ મિલ્કતો સરકરા તથા ફોજદારી રાહે પગલાં લેશે કે કેમ...?

## શહેરા તાલુકાના બોરડી ગ્રામ પંચાયત વિસ્તારમાં આવેલા કયા ગામમાં પીવાના પાણીની સમસ્યા



તસ્વીર : તુષાર દરજી, શહેરા

શહેરા,

શહેરા તાલુકાના બોરડી ગ્રામ પંચાયતમાં આવેલ બાકરીયામાં પીવાના પાણીની વિકટ સમસ્યા સર્જાઈ છે. હેન્ડ પંપ માં પાણી નહિ આવતા અહીની મહિલાઓ માલિકીના કુવા ખાતે પાણી ભરવા જતા હોય છે. જયારે જાગ્રુત નાગરિકોના જણાવ્યા અનુસાર પીવાના પાણીની સમસ્યાની રજૂઆત અમે તંત્રને કરી હોવા સાથે ગામ મા પાણી પુરવઠાને લગતી વણાંકબોરી યોજનાનું પાણી વર્ષોથી મળતું નથી.

શહેરા તાલુકાના અનેક ગામોમાં પીવાના પાણીના પોકાર ઉઠી રહ્યા છે. ત્યારે બોરડી ગ્રામ પંચાયત વિસ્તારમાં આવેલ બાકરીયા ગામના ગ્રામજનો પીવાના પાણીની સમસ્યાથી ભારે હાલાકી વેઠવી પડી રહી છે. પીવાના પાણીની સમસ્યાથી છુટકારો મળે તે માટે હેડ પંપ અહીં મુકવામાં આવ્યા હતા. તેમાંથી અમુકમા ટી.ડી.એસ. વધારે છે અને અમુકમાં પાણી થોડી વાર આવ્યા બાદ પાણી આવતું બંધ થઈ જતુ હોય છે. ગામની મહિલાઓ ઘરનું અને ખેતરનું બધુ કામકાજ છોડીને ચામુંડા માતાજીના મંદિર ખાતે આવેલા હેન્ડ પંપમાં પીવા લાયક પાણી આવતુ હોવાથી ત્યા પીવાનુ પાણી ભરવા જતા હોય તે હેન્ડ પંપ પાછલા કેટલાક દિવસોથી બગડી જતા માલિકીના કુવા ના સહારે પીવા માટે પાણી મેળવી રહ્યા છે. પીવા નુ પાણી ભરવા જતા નંબરને લઈને અમુક મહિલાઓ અંદરો અંદર ઝગડી પણ જતી હોય છે. બાકરીયા ગામને વણાંકબોરી પાણી જૂથ યોજનાનું પાણી મળે તે માટે સાત વર્ષ પહેલા પાણી નો ટાંકો પણ બનાવા સાથે પાણી ની પાઈપ લાઈન પણ નાખવામાં આવી હતી. ગામના જાગ્રુત નાગરીક અશ્વિનના જણાવ્યા અનુસાર આ યોજનાનું પાણી ગામના લોકો ને એક ટીપું પણ મળતુ નથી. અમે પીવાના પાણીની સમસ્યાની રજૂઆત તંત્રને કરી હોવા છતાં પીવા ના પાણી ની સમસ્યા હલ કરવામા આવતી નથી. આ ગામમાં અમુક હેન્ડ પંપ બંધ હાલતમાં હોવા સાથે ટીડીએસનું પ્રમાણ પાણીમાં વધુ હોવાથી નાછૂટકે અમુક ગ્રામજનો ઠંડા પાણીના જંગ વેચાતા લાવીને પાણી પીતા હોય છે. ઉનાળાની કાળઝાળ ગરમીમાં જમીનમાં પાણીના તળ ઉંડા જતા કુવામાં પણ પાણી ના સ્તર ઉંડા જતા પાણીની વિકટ સમસ્યા જોવા મળવા સાથે અમુક કૂવા પાણી વગર ખાલી ખમ જોવા મળી રહ્યા છે. સરકાર દ્વારા ગ્રામ્ય વિસ્તાર ના ગ્રામજનો ને પાણી ની તકલીફ ના પડે તે માટે અનેક યોજના ફાળવામાં આવતી હોય છે, પણ સમય જતા તંત્ર ના સરકારી બાબૂઓની બેદરકારીના કારણે કે પછી આ તરફ ધ્યાન ના આપવાથી યોજના જોઈએ તેટલી સાર્થક થઈ શકતી નથી જેને લઈને આખરે ગ્રામજનોને પીવાના પાણી માટે તકલીફનો સામનો કરવો પડતો હોય છે.

> શહેરા તાલુકા અને જીલ્લાનું છેલ્લુ ગામ બાકરીયા ગામના ગ્રામજનો ને પીવા ના પાણી માટે કૂવાનો સહારો છે. ગામની મહિલાઓ પહેલા પીવા લાયક પાણી ભરવા ચામુંડા મંદિર ખાતે જતા પણ તે હેન્ડ પંપ પાછલા કેટલાક દિવસોથી બગડી જતાં હાલ માલિકીના કુવા પર પાણી ભરવા જતા હોય છે. આ ગામમાં પાણીનો ટાંકો પણ છે. તેમા સાત વર્ષ થી પાણીના આવતા ગ્રામજનો માટે શોભાના ગાંઠિયા સમાન બન્યો છે. પીવાના પાણી ની વિકટ સમસ્યા વચ્ચે મહિલાઓનો આક્રોશ પણ તંત્ર સામે જોવા મળતો હોય છે.

> બાકરીયા ગામમાં માછી ફળિયા સહિત અન્ય વિસ્તારમાં આવેલા હેન્ડ પંપમાં પાણી થોડી વાર આવ્યા પછી બંધ થઈ જતુ હોય છે. અમુક હેન્ડ પંપમાં ટી.ડી.એસ. વધારે હોવાથી પાણી પીવા માટે ઉપયોગમાં લઈ શકાતું નહિ હોવાનું ગામના જાગ્રુત નાગરીક પુનમભાઈ માછી જણાવી રહયા છે. ત્યારે ૧૫૦થી વધુ ઘરની વસ્તી ધરાવતું આ ગામને પાણી પુરવઠા યોજનાનું પાણી મળે તે માટે પાણી પુરવઠાના અધિકારીઓ વિચારે તે જરૂરી બન્યુ છે.

> રાજ્ય સરકાર છેવાડાના માનવી સુધી વિવિધ યોજનાઓ પહોંચે તે માટે લાખો અને કરોડો રૂપિયાની ગ્રાન્ટ ફાળવવામાં આવતી હોય છે, પરંતુ અહીં પાણી પુરવઠાની યોજનાઓ હોવા છતાં આ યોજનાઓ અહીંના ગ્રામજનો માટે માત્ર દેખાવ પૂરતી હોય તેમ લાગી રહ્યું છે. ત્યારે પાણી પુરવઠા સહિતના સંબંધિત તંત્રના અધિકારીઓ પોતાની નૈતિક ફરજ સમજીને અહીંની મુલાકાત લઈને પીવાના પાણીની સમસ્યા હલ કરીને ગ્રામજનોને પાણીની સમસ્યામાંથી છૂટકારો અપાવે એ પણ જરૂરી છે.